dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue-61 | AD - 2025, Magshar Sud - 14 | Thursday, Dt.04-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કોંગ્રેસ પ્રવક્તા ડો.રાગિણી નાયકે વીડિયો પોસ્ટ કર્યો, અગાઉ પણ પીએમની માતાનો વીડિયો જાહેર કરવામાં આવ્યો હતો

# કોંગ્રેસે પીએમ મોદીનો ચા વેચતો AI વીડિયો પોસ્ટ કરતા ભાજપ ગુસ્સે

ન્યુ દિલ્હી,તા.૦૩

કોંગ્રેસે બુધવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ચા વેચતો એક AI જનરેટેડ વીડિયો પોસ્ટ કર્યો છે. આમાં PMને ચાવાળા તરીકે દર્શાવવામાં આવ્યા છે. તેમના હાથમાં ચાની કીટલી છે, બીજા હાથમાં ગ્લાસ છે. વીડિયોમાં મોદીને જોર-જોરથી 'ચા બોલો, ચા-ચા જોઈએ' બોલતા દર્શાવવામાં આવ્યા છે. AI વીડિયોમાં PM રેડ કાર્પેટ પર ચાલી રહ્યા છે. તેમની પાછળ ભારત સહિત અનેક દેશોના ઝંડા લાગેલા છે. આમાં ભાજપનો પણ ઝંડો છે. આ AI વીડિયો કોંગ્રેસનાં પ્રવક્તા ડો. રાગિણી નાયકે પોસ્ટ કર્યો છે. રાગિણીએ વીડિયોના કેપ્શનમાં લખ્યું - 'હવે આ કોણે કર્યું. ભાજપના પ્રવક્તા શહઝાદ પૂનાવાલાએ એને શરમજનક ગણાવ્યું. તેમણે X પર પોસ્ટમાં લખ્યું, 'નામદાર કોંગ્રેસ OBC સમુદાયમાંથી આવતા કામદાર વડાપ્રધાનને સહન કરી શકતી નથી. આ પહેલીવાર નથી, જ્યારે કોંગ્રેસ દ્વારા PMનો AI વીડિયો શેર કરવામાં આવ્યો હોય. આ પહેલાં ૧૨ સપ્ટેમ્બરે બિહાર કોંગ્રેસે X પર PM મોદી અને તેમનાં માતાનો એક AI જનરેટેડ વીડિયો પોસ્ટ કર્યો હતો. વીડિયોના કેપ્શનમાં લખ્યું હતું- સાહેબના સપનામાં માતા આવ્યા હતા. વીડિયોમાં બે પાત્રો બતાવવામાં આવ્યા. એમાં એક વૃદ્ધ મહિલાને બતાવવામાં આવી, જે દેખાવમાં PM મોદીના દિવંગત માતા હીરાબેન જેવા દેખાતા હતા. તેઓ સોફા પર બેઠેલા દેખાયા. વીડિયોમાં PM મોદીને સૂતા સમયે સપનાં જોતા બતાવવામાં આવ્યા હતા. વીડિયોમાં બતાવવામાં આવ્યું કે વડાપ્રધાનના સપનામાં તેમનાં માતા આવીને કહે છે- અરે બેટા, પહેલા તો તેં મને નોટબંધીની લાઈનોમાં ઊભી રાખી. મારા પગ ધોવાની રીલ બનાવી અને હવે બિહારમાં મારા નામ પર રાજનીતિ કરી રહ્યો છે. તું મારા અપમાનનાં બેનર-પોસ્ટર છપાવી રહ્યો છે. તું ફરી બિહારમાં નાટક કરી રહ્યો છે. કોંગ્રેસે ૨૨ ઓક્ટોબરે X પર એક



AI જનરેટેડ વીડિયો પોસ્ટ કર્યો હતો, જેમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આદેશ આપતા જોવા મળ્યા હતા. આ વીડિયોમાં ટ્રમ્પ હિન્દીમાં બોલતા વડાપ્રધાન મોદીને કહે છે- પાકિસ્તાન પર હુમલો કરવાનું બંધ કરો. ઓપરેશન સિંદૂર રોકી દો. જવાબમાં PM મોદી કહે છે- જી હુઝૂર. વીડિયોમાં ટ્રમ્પ મોદીને ફરીથી કોલ કરે છે અને કહે છે- રશિયા પાસેથી તેલ શા માટે ખરીદી રહ્યા છો. તેલ ખરીદવાનું બંધ કરો. PM મોદી ફરીથી 'જી હુઝૂર' કહેતા જોવા મળે છે. વીડિયોના અંતમાં બેકગ્રાઉન્ડમાંથી એક અવાજ સંભળાય છે, જેમાં કહેવામાં આવ્યું હતું- એક ડરપોક વડાપ્રધાન ક્યારેય દેશનું ભલું કરી શકતા નથી. ૫૬ ઈંચની છાતી બતાવે છે છતાં શરમ આવતી નથી. ભારત સરકારની નોડલ એજન્સી પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો (PIB)એ X પર વીડિયો શેર કરતાં એને નકલી ગણાવ્યો હતો. PIBએ લખ્યું- AI જનરેટેડ વીડિયો દ્વારા વડાપ્રધાન વિરુદ્ધ ખોટો અને નકારાત્મક નેરેટિવ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ તમામ દાવાઓ નકલી છે. ભાજપ પ્રવક્તા અરવિંદ સિંહે કહ્યું, 'કોંગ્રેસ પાર્ટી નીચતાના છેલ્લા સ્તર પર ચાલી રહી છે. આ લોકો કોઈપણ વ્યક્તિની ભાવનાઓ સાથે રમી રહ્યા છે.'' પીએમની દિવંગત માતાનો AI વીડિયો જાહેર કરવો એ ખૂબ જ મોટું દુર્ભાગ્ય છે. તેમને ખબર નથી કે માતાની ભાવના શું હોય છે, પુત્રની ભાવના શું હોય છે.' કોંગ્રેસની પોસ્ટ પર બિહાર ભાજપના X હેન્ડલ પરથી એ જ AI વીડિયોને રી-પોસ્ટ કરીને લખવામાં આવ્યું - 'કોંગ્રેસે પીએમ નરેન્દ્ર મોદીજીનાં સ્વર્ગસ્થ માતાજીનું વારંવાર અપમાન કરવાની કસમ ખાધી છે. કંઈ ન મળ્યું તો નકલી વીડિયો. પીએમ મોદીજીનાં માતાજીના નકલી વીડિયોમાં તેમના મોઢેથી એવા શબ્દો બોલતા બતાવવામાં આવી રહ્યા છે, જે તેમનું અપમાન છે.'

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ




સ્વ. રાહુલભાઈ મનુભાઈ કાપડીયા
સ્વ. તા. ૦૪-૧૨-૨૦૨૪ ગામ : બગસરા
સુર્યાસ્તે મુરઝાતી પુષ્પની માળા કુદરતી ક્રમ હોવા છતા મનને રંજ આપે છે જયારે કુટુંબ પરિવારના બાગમાંથી મધ્યાન્હે ખરી પડેલ પુષ્પ સમગ્ર બગીચાના ઝાડ પાન હળીને બાગબાનને અસહ્ય ગમ આપે છે આજ પ્રથમ વર્ષે પણ આ ઘટના ભુલી શકયા નથી એજ ખરી પડેલ પુષ્પની પ્રિતીનો પડઘો છે.
લી.
મનુભાઈ સમજુભાઈ કાપડીયા — શાંતાબેન મનુભાઈ કાપડીયા
ગં.સ્વ. હેતલબેન રાહુલભાઈ કાપડીયા — પૃથ્વા રાહુલભાઈ કાપડીયા
ઝાસી રાહુલભાઈ કાપડીયા
-: મેનેજીંગ ડિરેક્ટર :-
એમ. એસ. કાપડીયા — હરસુખભાઈ રાબડીયા
અશોકભાઈ ઢોલરીયા — જયેશભાઈ આસોદરીયા
સંદિપભાઈ ધડુક
આદર્શ વિદ્યાલય બગસરા પ્રિન્સીપાલ મનીષભાઈ નાકરાણી
નાલંદા શૈક્ષણિક સંકુલ બગસરા પ્રિન્સીપાલ સોનલબેન સાંગાણી
જ્ઞાનધારા સ્કૂલ બગસરા પ્રિન્સીપાલ ભીખુભાઈ ઢોલરીયા
તથા શાળા પરિવાર

# ડોલર સામે રૂપિયો ગગડીને ૯૦.૧૪એ પહોંચ્યો

નવીદિલ્હી,તા.૦૩

ભારતીય રૂપિયાનો ઘટાડો અટકવાના કોઈ સંકેત દેખાતો નથી. દરરોજ નવા રેકોર્ડ તૂટતા રહે છે, અને બુધવાર ભારતીય ચલણ માટે ઈતિહાસનો સૌથી કાળો દિવસ સાબિત થયો. યુએસ ડોલર સામે રૂપિયો પહેલી વાર ૯૦ થી નીચે સરકી ગયો, ૯૦.૧૪ ના રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો. આ ફક્ત આંકડા નથી, પરંતુ ભારતીય અર્થતંત્ર સામે આવનારી સંભવિત મુશ્કેલીઓની સ્પષ્ટ ચેતવણી છે.



આયાતકારો દ્વારા ડોલરની સતત ખરીદી, ભારત-અમેરિકા વેપાર સોદામાં વિલંબ અને વૈશ્વિક વેચાણને કારણે રૂપિયો ગગડી રહ્યો છે. બુધવારની શરૂઆતથી જ ભારતીય ચલણ દબાણ હેઠળ છે. બજાર ખુલતા સમયે રૂપિયો ૮૯.૯૭ પર હતો, પરંતુ થોડીવારમાં તે ૯૦ ને વટાવી ગયો. બપોર સુધીમાં, તે ૯૦.૧૪ પર તેના અત્યાર સુધીના સૌથી નીચા સ્તરે પહોંચી ગયો હતો. ડીલરો માને છે કે બજારની ચિંતા વધી છે, અને રૂપિયાનો ઘટાડો ક્યાં અટકશે તે આગાહી કરવી મુશ્કેલ છે. કેટલાક નિષ્ણાતો એમ પણ કહે છે કે RBI એ ચલણને સ્થિર કરવા માટે ડોલર વેચ્યા હશે, પરંતુ દબાણ એટલું તીવ્ર છે કે તેની અસર મર્યાદિત રહી છે. વર્તમાન સ્તરે, રૂપિયા માટે ટેકનિકલ સપોર્ટ પ્રતિ ડોલર ૯૦.૨૦ ની આસપાસ માનવામાં આવે છે. ૨૦૨૫ ની શરૂઆતથી, ભારતીય ચલણમાં યુએસ ડોલર સામે ૫% થી વધુનો ઘટાડો થયો છે. વેપાર સોદાઓમાં વિલંબ, વિદેશી બજારોમાં વેચાણ અને સ્થાનિક અનિશ્ચિતતાઓએ રૂપિયાને નબળો પાડ્યો છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત ડિસેમ્બર - ૨૦૨૫ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

ડિસેમ્બર -૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | 30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.
આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.
શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત
લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

# છત્તીસગઢમાં ૧૨ નક્સલીઓને ઠાર મરાયા, ત્રણ જવાન શહીદ

દંતેવાડા,તા.૦૩

છત્તીસગઢમાં દંતેવાડા-બીજાપુર બોર્ડર પર જવાનોએ ૧૨ નક્સલવાદીઓને ઠાર કર્યા છે. તમામના મૃતદેહો મળી આવ્યા છે. માર્યા ગયેલા નક્સલવાદીઓની સંખ્યા વધી શકે છે. જ્યારે એન્કાઉન્ટરમાં DRGના ૩ જવાન શહીદ થયા છે અને ૨ ઘાયલ થયા છે. બસ્તર રેન્જના IG સુંદરરાજ પી.એ પુષ્ટિ કરી છે. બસ્તર રેન્જના IG સુંદરરાજ પી.એ જણાવ્યું કે એન્કાઉન્ટરમાં બીજાપુર DRGના જવાન હેડ કોન્સ્ટેબલ મોનુ વડારી, રમેશ સોડી અને કોન્સ્ટેબલ દુકારુ ગોંડે શહીદ થયા છે.

ગંગાલૂર પોલીસ સ્ટેશન વિસ્તારના જંગલોમાં જવાનોની ટીમ સતત સર્ચ કરી રહી છે. SP જીતેન્દ્ર યાદવે જણાવ્યું કે DRG, STF, COBRA અને CRPFની સંયુક્ત ટીમ બુધવારે સવારે ૯ વાગ્યાથી બીજાપુર-દંતેવાડા બોર્ડરના વેસ્ટ બસ્તર ડિવિઝન વિસ્તારમાં સર્ચ ઓપરેશન પર હતી. જંગલમાં સર્ચ ઓપરેશન દરમિયાન નક્સલવાદીઓએ અચાનક ફાયરિંગ શરૂ કર્યું. જવાબી કાર્યવાહીમાં નક્સલવાદીઓ માર્યા ગયા છે. SPએ જણાવ્યું કે જવાનોએ એન્કાઉન્ટર સ્થળેથી SLR રાઈફલ, ૩૦૩ રાઈફલ અને ગોળા-બારૂદ પણ જપ્ત કર્યા છે. માર્યા ગયેલા નક્સલવાદીઓની ઓળખ કરવામાં આવી રહી છે. સ્થળ પર શોધખોળ ચાલુ છે. વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે.






# ધારી-બગસરામાં ૬ નવી બસનું જે.વી. કાકડીયા દ્વારા લોકાર્પણ


તસવીર : હાર્દિક બામટા


તસવીર : સંજય વાળા

બગસરા,તા.૦૩

અમરેલી જિલ્લામાં એસ.ટી. નિગમ દ્વારા તાજેતરમાં ૧૮ નવી બસો ફાળવવામાં આવી હતી. જે પૈકી બગસરા-ધારી ડેપોને ૩-૩ નવી બસો મળી છે. ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયા દ્વારા આ નવી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્યના કહેવા મુજબ આ નવી બસોને લાંબા અંતરમાં મુકવામાં આવશે જેથી લોકોને મુસાફરી કરવામાં સરળતા રહે. ડેપો મેનેજર એન.એસ. ગઢવીએ જણાવ્યું હતું કે, આ નવી બસો બગસરા કૃષ્ણનગર, બગસરા સુરત જેવા રૂટ પર ચલાવાશે. આ ડેપોમાં કુલ ૫૧ બસો હતી, જે વધીને ૫૪ થઈ છે જેમાંથી કુલ ૪૩ રૂટ ઉપર બસ સેવા ચલાવવામાં આવે છે. હાલમાં બગસરા ડેપોમાં ૩૦ ડ્રાયવર અને ૨૧ કંડક્ટરની ઘટ છે. જેના લીધે તમામ બસોનું સંચાલન કરવું શક્ય નથી. જો આ ઘટતો સ્ટાફ આપવામાં આવે તો આ તમામ રૂટ પર બસ સેવા કાર્યરત થઈ શકે એમ છે. ધારી-બગસરા વિધાનસભાના ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ધારી બસ સ્ટેન્ડ ખાતે ત્રણ નવી બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે ધારી તાલુકા અને શહેર ભાજપના આગેવાનો અને અન્ય મહાનુભાવો અને એસ.ટી.ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડીયામાં સોસખાડામાં બે ગાય પડી જતા એકનું મોત



વડીયા,તા.૦૩

વડીયા ગામમાં ગ્રામપંચાયત દ્વારા ખોદવામાં આવેલા અને ખુલ્લા મુકાયેલા ખાડાઓને કારણે મૂંગા પશુઓના અકસ્માતની વધુ એક ઘટના સામે આવી છે. આંબેડકર હોલ પાછળ આવેલા એક સોસખાડામાં અકસ્માતે એકીસાથે બે ગાય પડી ગઈ હતી. સ્થાનિકોની મદદથી તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરાઈ હતી. જોકે, ગંભીર બાબત એ છે કે એક ગાયને તો સફળતાપૂર્વક બચાવી લેવામાં આવી હતી, પરંતુ બીજી ગાયનું કરૂણ મોત થયું હતું. ગ્રામપંચાયત દ્વારા ખાડાઓ ખોદીને ખુલ્લા મૂકી દેવાની બેદરકારીને કારણે પશુઓના જીવ જોખમાઈ રહ્યા છે.

**અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા**

# પ્રાથમિક શિક્ષકોને વર્ગ-૨ની પરીક્ષામાં લાયક ગણવા રાજય સંઘમાં રજૂઆત

**ઉચ્ચ ડિગ્રી ધરાવતા હોવા છતાં પ્રાથમિક શિક્ષક હોવાને કારણે અરજી કરી શકતા નથી**

બગસરા,તા.૦૩

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે શિક્ષણ સેવા વર્ગ-૨ની જાહેરાત પ્રસિધ્ધ કરી છે, પરંતુ તેમાં પ્રાથમિક શિક્ષકોને અરજીપાત્ર ગણવામાં આવ્યા નથી. આ નિર્ણય સામે અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સમાજે રાજ્ય કક્ષાએ રજૂઆત કરી છે. પહેલાં માત્ર પી.ટી.સી. લાયકાત ધરાવતા શિક્ષકોની ભરતી થતી હતી, પરંતુ હાલમાં ઘણા પ્રાથમિક શિક્ષકો બી.એડ., એમ.એડ., એમ.એસ.સી., એમ.એ. અને પી.એચ.ડી. જેવી ઉચ્ચ ડિગ્રી ધરાવે છે. આ શિક્ષકો ઉચ્ચ લાયકાત અને અનુભવ ધરાવતા હોવા છતાં, માત્ર પ્રાથમિક શિક્ષક હોવાને કારણે અરજી કરી શકતા નથી. અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા, મંત્રી રસિકભાઈ મહેતા અને પ્રવીણભાઈ કસવાળાએ રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘને રજૂઆત કરી છે કે આવા ઉચ્ચ ડિગ્રી ધરાવતા શિક્ષકોના અનુભવને ધ્યાને લઈ તેમને વર્ગ-૨ની પરીક્ષા આપવા માટે લાયક ઉમેદવાર ગણવામાં આવે અને શિક્ષકોને ન્યાય મળે તે માટે રાજ્ય સરકારમાં ઘટતું કરવાની માંગણી કરી છે.

# ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના આચાર્યા શીતલ મહેતાને 'ધ બેસ્ટ પ્રિન્સિપાલ એવોર્ડ' એનાયત



ચલાલા,તા.૦૩

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના આચાર્યા અને ભારત ભૂષણ મહેશભાઈ મહેતાના ધર્મપત્ની શીતલબેન મહેતાને શિક્ષણ ક્ષેત્રે તેમના અનન્ય યોગદાન બદલ ઓલ ઈન્ડિયા પ્રાઈવેટ સ્કૂલ એસોસિએશન દ્વારા પ્રતિષ્ઠિત "ધ બેસ્ટ પ્રિન્સિપાલ એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવ્યા છે.

શિક્ષણ ક્ષેત્રે ૨૪ વર્ષથી વધુની ઉત્કૃષ્ટ સેવા, નવતર શિક્ષણ પદ્ધતિ, વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને તેમના સર્વાંગી વિકાસ માટે કરાયેલા અવિરત પ્રયાસોના માનરૂપે તેમને આ એવોર્ડ એનાયત થયો છે. શિક્ષણ પ્રત્યેના તેમના સમર્પણ અને સમાજને સકારાત્મક દિશામાં માર્ગદર્શિત કરવાની ક્ષમતાની કદર રૂપે આ સન્માન મળતા સમગ્ર સંસ્થામાં આનંદની લહેર દોડી ગઈ છે.

એવોર્ડ સ્વીકારતા આચાર્યા શીતલબેન મહેતાએ જણાવ્યું હતું કે, "આ પુરસ્કાર માત્ર મારા માટે જ નહીં, પરંતુ મારા તમામ વિદ્યાર્થીઓ, સહકર્મચારીઓ અને વાલીઓના વિશ્વાસભર્યા સહકારનું પ્રતિક છે. શિક્ષણ એ માત્ર વ્યવસાય નથી, તે જીવનની સેવા છે."

**ચાર મહિના બાદ પણ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને હજુ એક પણ હપ્તો મળ્યો નહી**

# બગસરાના લાભાર્થીઓના ખાતામાં નાણા જમા ન થતા કફોડી સ્થિતિમાં મુકાયા

**મોટા ઉપાડે મકાન મંજૂર થયાના સર્ટીફિકેટ આપ્યા બાદ આગેવાનો દ્વારા કોઈ રજૂઆત નહી**

બગસરા, તા.૦૩

બગસરામાં ૧૭૩ જેટલા લાભાર્થીઓના પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન મંજૂર થતા લાભાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી પરંતુ લાભાર્થીઓએ મકાનનું કામ ચાલુ કરી દીધા બાદ ચાર મહિના થયા લાભાર્થીઓને એકપણ હપ્તો ન મળતા લાભાર્થીઓ કફોડી સ્થિતિમાં મુકાયા છે. આ બાબતે આગેવાનો પણ જવાબદાર અધિકારીઓને રજૂઆત ન કરતા હોવાથી લાભાર્થીઓમાં રોષ ફેલાયો છે. બગસરામાં ૧૭૩ લાભાર્થીઓના મકાન પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મંજૂર થતા ધારાસભ્ય, પાલિકા પ્રમુખ સહિતના આગેવાનોના હસ્તે સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. સરકારના નિયમ મુજબ પ્લીંથ લેવલે બાંધકામ થાય એટલે રૂા.૭૦ હજારનો પ્રથમ હપ્તો અને લેન્ટલ સુધી બાંધકામ પહોંચે એટલે રૂા.૮૦ હજારનો બીજા હપ્તો એમ કુલ ચાર હપ્તામાં રૂા.૪ લાખની સહાય આપવાની હતી. જેથી અનેક લોકોએ લેન્ટલ સુધી બાંધકામ પૂર્ણ કરી દીધા બાદ એકપણ હપ્તો આપવામાં આવેલ નથી. મકાન બાંધકામ માટે લાભાર્થીઓએ ઉછીના તેમજ ઉધાર લઈને મકાનનું બાંધકામ કર્યુ હતુ પરંતુ હજુ સુધી સરકાર તરફથી એકપણ રૂપિયો આપવામાં ન આવતા લાભાર્થીઓની ઘરે ઉઘરાણીવાળાઓની લાઈન લાગી રહી છે. આ બાબતે તંત્ર સમક્ષ અનેકવાર રજૂઆત કરવા છતાં લાભાર્થીઓ માટે કોઈ ધ્યાન આપતુ નથી. સરકારી અધિકારીઓ ટૂંક સમયમાં હપ્તા આપશે તેવી હૈયાધારણા આપી રહ્યાં છે. જો કે હાલ ચાર મહિના જેટલો સમય વીતિ ગયા બાદ પણ બગસરાના લાભાર્થીઓના ખાતામાં એક પણ હપ્તો જમા ન થતા લાભાર્થીઓની સ્થિતી કફોડી બની છે.

# ગારિયાધાર-મણિનગર વાયા દામનગર બસ રૂટ બંધ થતાં મુસાફરોમાં ભારે રોષ

દામનગર,તા.૦૩

એસ.ટી. તંત્ર દ્વારા દામનગરને મળતી એસ.ટી. સુવિધામાં વધારો કરવાને બદલે મહત્વનાં રૂટ બંધ કરાંતા સ્થાનિકોમાં રોષ વ્યાપ્યો છે. એસ.ટી. વિભાગમાં ડ્રાયવર અને કંડકટરની ઘટ હોવાનું જાણવા મળે છે, પણ સરકાર જિલ્લામાં નવી બસ ફાળવી રહી છે ત્યારે તાત્કાલિક ડ્રાયવર-કંડકટરોની ભરતી કરીને મુસાફરો માટે આશીર્વાદરૂપ સુવિધા આપવાની માગણી દામનગર શહેરના નાગરિકો દ્વારા કરવામાં આવી છે. ભાવનગર વિભાગના ગારિયાધાર ડેપો દ્વારા સંચાલન કરાતી ગારિયાધાર-મણિનગર વાયા દામનગર એક્સપ્રેસ બસને ડ્રાયવર-કંડકટરની ઘટ હોવાનું જણાવી છેલ્લાં સાતેક દિવસથી બંધ કરી દેવાતા મુસાફરોમાં નારાજગી ફેલાઈ છે. આ બસને વહેલી તકે શરૂ કરવા બુધવારે ગારિયાધાર ડેપો મેનેજરને રજૂઆત કરવામાં આવી હતી.




# અમરેલીના વસંતભાઈ ગજેરાના સેવાકીય કાર્યોથી હજારો પરિવારોને મળ્યો લાભ




અમરેલી,તા.૦૩

અમરેલીના 'વતનના રતન' સમાન વસંતભાઈ ગજેરા દ્વારા પોતાના વતનમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે અવિરત સેવાકીય પ્રવૃત્તિઓ થકી હજારો પરિવારોને લાભ મળી રહ્યો છે. તાજેતરમાં જ તેમણે બહેરા-મૂંગા શાળાના વિદ્યાર્થીઓ માટે રૂ. ૫ લાખનું અનુદાન જાહેર કર્યું છે. સાથે જ દિવાળી પર કરેલી જાહેરાત મુજબ અમરેલીમાં અનાથ અને નિરાધાર બાળકો માટે 'વાત્સલ્ય ધામ'ના નિર્માણનું કાર્ય પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

વસંતભાઈએ ૧૯૯૭માં દીકરીઓ માટે શૈક્ષણિક સંકુલનું નિર્માણ કર્યું હતું, જેમાં અત્યાર સુધીમાં ૮૦,૦૦૦ જેટલી બહેનોએ અભ્યાસ પૂર્ણ કર્યો છે અને હજારો હાલ અભ્યાસ કરી રહી છે. ૨૦૦૭થી અમરેલી વિદ્યાસભા-ગજેરા કેમ્પસનું સુકાન સંભાળ્યા બાદ ૩૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ અહીંથી અભ્યાસ કરી સફળ કારકિર્દી બનાવી છે. સંસ્થા જિલ્લા કક્ષાની સ્પોર્ટ્સ સ્કૂલ અને જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સમાં રાજયભરમાં પ્રથમ સ્થાને છે. ઉલ્લેખનીય છે કે, ૧૫૫૦ થી વધુ વિદ્યાર્થીઓ અહીં વિવિધ યોજનાઓ અંતર્ગત નિઃશુલ્ક અભ્યાસનો લાભ મેળવી રહ્યા છે, જે સમગ્ર સૌરાષ્ટ્રમાં વિરલ ઘટના છે.

આરોગ્ય ક્ષેત્રે પણ વસંતભાઈએ અમરેલી જિલ્લાની જનરલ હોસ્પિટલ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું સફળ સંચાલન કરી કાયાપલટ કરી છે. તેમણે હોસ્પિટલમાં અદ્યતન બિલ્ડિંગો બનાવી છે અને અતિ આધુનિક સાધનો વસાવ્યા છે, જેથી અમરેલીના લોકોને સારવાર માટે બહારગામ જવું ન પડે. તેમના આ ભગીરથ પ્રયાસોને કારણે જ આજે અમરેલીમાં MBBS કોલેજ શક્ય બની છે, જ્યાં હજારો ભવિષ્યના ડોક્ટરો તૈયાર થઈ રહ્યા છે.

વસંતભાઈનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને માત્ર મદદ કરવી નહીં, પણ તેમને એટલા સક્ષમ બનાવવા છે કે બીજીવાર ક્યારેય હાથ ફેલાવવો ન પડે. આ જ ઉદ્દેશ્ય સાથે સુરતની જેમ હવે અમરેલીમાં પણ કોઈપણ જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર 'વાત્સલ્ય ધામ' આકાર લઈ રહ્યું છે. અહીં અનાથ બાળકોને રોજગાર મળે ત્યાં સુધી આશ્રય, શિક્ષણ, ઘડતર અને પરિવારનો પ્રેમ પૂરો પાડવામાં આવશે.




**//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી. નં.૭૫/૨૦૨૫

અરજદાર :- શ્રી ધાણીવાળા શિરીનબેન નુરમહંમદભાઈ
રહે. શ્યામ બેકરીવાળી ગલી, ચાંદની ચોક,
અમરેલી. તા./જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી
મું. અમરેલી. તા./જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં ધાણીવાળા શિરીનબેન નુરમહંમદભાઈએ તેમની ભાઈશ્રી અલ્તાફભાઈ જીકરભાઈ નાગાણીનો જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
(એચ.એમ.તલાટી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ, વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

# અમરેલી જિલ્લામાં અપમૃત્યુની છ ઘટના નોંધાઈ

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાં પોલીસ ચોપડે અપમૃત્યુની છ ઘટના નોંધાઈ હતી. જેના પગલે હાહાકાર મચી ગયો હતો. રાજુલાના માંડળ ગામે રહેતા જસાભાઈ વશરામભાઈ વાળા (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, મોહનભાઈ વશરામભાઈ વાળા (ઉ.વ.૫૦) ભાગવી રાખલ વાડીએ કોઈ અગમ્ય કારણસર મરણ પામ્યા હતા. બીજા બનાવમાં રાજુલાના જોલાપર ગામે રહેતા સુમરાભાઈ સાર્દુળભાઈ વાઘ (ઉ.વ.૪૭)એ જાહેર કર્યા પ્રમાણે, બાબુભાઈ ભગાભાઈ વાઘ (ઉ.વ.૪૨) ભેરાઈ ચોકડી અવધ ટાયર્સની બાજુમાં કડિયાળી ખાતે પી-દાસ કંપનીની ગાડીમાં લોખંડના પાઈપ ઉતારતા હતા.આ દરમ્યાન પાઈપ તેની ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા મરણ પામ્યા હતા. ત્રીજી ઘટનામાં જાફરાબાદના મીઠાપુરમાં રહેતા રમેશભાઈ મનુભાઈ જોગદીયા (ઉ.વ.૩૨) એ જાહેર કર્યા પ્રમાણે, હીરા ઘસવાનું કામ કરતાં કિશોરભાઈ મનુભાઈ જોગદીયા (ઉ.વ.૪૦) કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઝેરી દવા પી' જતા સારવાર દરમ્યાન મરણ પામ્યા હતા. અપમૃત્યુના ચોથા બનાવ અંગે રાદડિયા ખીજડીયા ગામે રહેતા સેકડાભાઈ કાનાભાઈ બાંભણીયા (ઉ.વ.૪૩) એ જાહેર કર્યા મુજબ, ભગડાભાઈ કાનાભાઈ બાંભણીયા (ઉ.વ.૩૬)નું ઝટકા મશીનના વાયરમાંથી ઈલેકટ્રીક કરંટ લાગવાથી મોત થયું હતું. પાંચમા બનાવમાં લાઠીના કાંચરડી ગામે રહેતા મૂળ દાહોદના સંજેલીના પ્રતાપભાઈ દલસિંગભાઈ બારૈયા (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા પ્રમાણે, રાહુલભાઈ ડાયસીંગભાઈ બારૈયા (ઉ.વ.૨૦)ને ડાબા પગની ટચલી આંગળીની બાજુની આંગળીમાં કંઈક દંશી જવાથી મરણ પામ્યા હતા. છઠ્ઠી ઘટનામાં હાલ અમરાપુર ગામે રહેતા મૂળ દાહોદના કરોડીયા પૂર્વ ગામના કમજીભાઈ ખેતાભાઈ પરગી (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, ગૌરવભાઈ કમજીભાઈ પારગી (ઉ.વ.૨૫) કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી' મરણ પામ્યા હતા અને તેમની ડેડબોડી કોહવાઈ ગયેલ હાલતમાં મળી આવી હતી. આ ઉપરાંત ખાંભામાં રહેતી એક યુવતીએ માનસિક બીમારીથી કંટાળી ઉંદર મારવાની ઝેરી દવા પીતા સારવારમાં ખસેડાઈ હતી.

# લાઠી બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે ભવ્ય શાકોત્સવ યોજાયો

**સંતોએ ઉપસ્થિત ભક્તોને શાકોત્સવ વિશેનું મહત્વ સમજાવ્યું**


તસવીર :જગદીશ ખેર

લાઠી,તા.૦૩

લાઠી સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરમાં પરંપરાગત શાકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક ઉત્સવમાં મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. શાકોત્સવ રંગ સ્વામી અને કોઠારી સ્વામી સહિતના પૂજનીય સંતોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સંતોએ આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન કરીને ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા અને ભગવાન સ્વામિનારાયણની ભક્તિનો મહિમા સમજાવ્યો હતો. ભગવાન સ્વામિનારાયણે લોકકલ્યાણ અર્થે આદરેલી પ્રવૃત્તિઓમાં શાકોત્સવનું વિશેષ મહત્ત્વ છે. લાઠી મંદિરમાં યોજાયેલા આ ઉત્સવમાં ભક્તોએ ભાવપૂર્વક ભાગ લીધો હતો અને પ્રભુને ધરાવેલા શાક-રોટલાના પ્રસાદનો આસ્થાભેર સ્વીકાર કર્યો હતો. મંદિરના પટાંગણમાં મોટી સંખ્યામાં હરિભક્તો એકઠા થતાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

# અમરેલી જિલ્લાની હોસ્પિટલ, ક્લિનિક અને સંસ્થાઓમાં સીસીટીવી ફરજિયાત

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં પી.સી.પી.એન.ડી.ટી. એક્ટ હેઠળ નોંધાયેલી હોસ્પિટલ, ક્લિનિક અને સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરજિયાત કરવામાં આવ્યા છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ, રજિસ્ટર્ડ હોસ્પિટલ, ક્લિનિક અને સંસ્થાઓએ બિનઅધિકૃત લોકોની અવરજવર પર નજર રાખવા માટે ૩૦ દિવસના ઓડિયો અને વીડિયો રેકોર્ડિંગ બેકઅપ સાથેના સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અનિવાર્ય છે. સોનોગ્રાફી રૂમમાં નક્કી કરેલા અધિકૃત વ્યક્તિ અને દર્દી સિવાય કોઈ બિનઅધિકૃત વ્યક્તિ પ્રવેશી શકશે નહીં. જોકે, દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય તે રૂમની અંદર સી.સી.ટી.વી. કેમેરા લગાવી શકાશે નહીં. તેના બદલે, સોનોગ્રાફી રૂમના બહારના દરવાજાના ભાગે કેમેરા લગાવવા પડશે, જેથી અંદર દાખલ થતી કે બહાર નીકળતી વ્યક્તિનો ચહેરો સરળતાથી ઓળખી શકાય.

# રાજુલાના વોર્ડ નં. ૫માં પાણીનો પ્રશ્ન હલ; નગરપાલિકા દ્વારા રાધાકૃષ્ણ મંદિર પાસેના દારનું તાત્કાલિક રિપેરીંગ

રાજુલા, તા.૦૩

રાજુલા નગરપાલિકા દ્વારા શહેરમાં રોડ-રસ્તા સહિતના વિકાસના કામો સતત ચાલી રહ્યા છે. તેવા સમયે વોર્ડ નંબર ૫માં પાણીનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. અહીં રાધાકૃષ્ણ મંદિરની બાજુમાં નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલા દાર (બોર) ની પાણીની મોટર ખરાબ હાલતમાં હોવાથી સ્થાનિકોને મુશ્કેલી પડી રહી હતી. આ બાબતની જાણ રાજુલા નગરપાલિકાના પ્રમુખને થતાં તેમણે તાત્કાલિક સૂચના આપી હતી. જે અન્વયે નગરપાલિકાના ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ વાઘ તેમજ વોર્ડ નંબર ૫ના સભ્યોએ સાથે મળીને કામગીરી હાથ ધરી હતી. આ વિસ્તારના લોકો માટે રાધાકૃષ્ણ મંદિર પાસેનો આ દાર ખૂબ જ મહત્વનો હોવાથી તેનું તાત્કાલિક ધોરણે રિપેરીંગ કામ શરૂ કરવામાં આવ્યું હતું. નગરપાલિકાની ત્વરિત કામગીરીના કારણે પાણીનો પ્રશ્ન તાત્કાલિક હલ થતાં આ વિસ્તારના લોકો દ્વારા નગરપાલિકાની સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.


તસવીર : ગોપાલ રાઠોડ

# તા. ૬થી અમરેલી ખાતે સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષા કલા મહાકુંભનો પ્રારંભ

અમરેલી,તા.૦૩

આગામી તા-૦૬-૧૨-૨૦૨૫, ૦૭-૧૨-૨૦૨૫, ૦૮-૧૨-૨૦૨૫ ડિસેમ્બર ૨૦૨૫નાં રોજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગરનાં ઉપક્રમે જિલ્લા વહીવટી તંત્ર અમરેલીની રાહબરી હેઠળ કે.કે. પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય અમરેલીનાં સહયોગથી અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી અમરેલી સંચાલિત સૌરાષ્ટ્ર પ્રદેશકક્ષા કલા મહાકુંભનો કે.કે. પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય ખાતે ઉદ્ઘાટન કાર્યક્રમ ૦૬ ડિસેમ્બર-૨૦૨૫નાં રોજ બપોરે ૧૦:૩૦ કલાકે યોજાશે. જેમાં સૌરાષ્ટ્રનાં આઠ જિલ્લા અને ચાર કોર્પોરેશન સહિત બાર જિલ્લાનાં પ્રથમ વિજેતા કલાકારો ભાગ લેશે. અમરેલી જિલ્લામાં કુલ ત્રીસ કૃતિનું આયોજન કરવામાં આવશે. જેમાં તા-૦૬.૧૨.૨૦૨૫નાં રોજ લોકનૃત્ય, સમૂહગીત, એકપાત્રીય અભિનય, ભરતનાટ્યમ, લોકવાર્તા, કાવ્યલેખન, ગઝલ શાયરી, ચિત્રકલા, વાયોલીન, ઓરગન, તબલાની સ્પર્ધા થશે.

# બગસરાના હડાળા ગામે સીસીઆઈ દ્વારા કપાસની ખરીદીનો થયો પ્રારંભ


BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
▪મનિષ વાકોતર ▪વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


અમરેલી,તા.૦૩

બગસરા તાલુકાના હડાળા ગામે આવેલ મહાદેવ એગ્રીકોમ કોટન જીન ખાતે ગુજરાત રાજ્ય સરકારના સહયોગથી કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા કપાસની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયાએ કપાસ ખરીદીનો પ્રારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, મહામંત્રી દેવરાજભાઈ રાંક, બગસરા માર્કેટિંગ યાર્ડના ચેરમેન કાંતિભાઈ વેકરીયા અને વાઈસ ચેરમેન ઘનશ્યામભાઈ હિરપરા સહિતના મહાનુભાવો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બગસરા તાલુકા પંચાયતના પ્રમુખ બાબુભાઈ બકરાણીયા, ઉપપ્રમુખ હસમુખભાઈ બાબરીયા તેમજ અન્ય સદસ્યો પણ જોડાયા હતા. આ ખરીદી શરૂ થવાથી વિસ્તારના લાભાર્થી ખેડૂત મિત્રોમાં આનંદની લાગણી છવાઈ હતી.



# નાફેડની ટીમે ધારી યાર્ડમાં ટેકાના ભાવના ખરીદી કેન્દ્રની મુલાકાત લીધી

**નાફેડના અધિકારીઓએ ખેડૂતો સાથે સીધી વાતચીત કરી સુવિધાઓની સમીક્ષા કરી**



અમરેલી,તા.૦૩

નાફેડના ઉચ્ચ અધિકારીઓની ટીમે ધારી માર્કેટિંગ યાર્ડમાં FPO સંચાલિત ટેકાના ભાવના ખરીદી કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ કેન્દ્ર પર મગફળી, સોયાબીન, અડદ અને મગની ખરીદી થાય છે. મુલાકાતનો મુખ્ય હેતુ ખેડૂતોને ખરીદી પ્રક્રિયામાં કોઈ મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવાનો હતો. અધિકારીઓએ ખેડૂતો સાથે સીધી વાતચીત કરીને સુવિધાઓની સમીક્ષા કરી હતી. ખેડૂતોના સંતોષકારક પ્રતિભાવથી પ્રભાવિત થઈને ટીમે કેન્દ્રની સફળ કામગીરીને બિરદાવી હતી.

## અમરેલી ખાતે સૌરાષ્ટ્ર ઝોનની હોકી સ્પર્ધા ૯ ડિસેમ્બરથી શરૂ થશે

અમરેલી, તા.૦૩

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા અમરેલી ખાતે સંચાલિત જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા સૌરાષ્ટ્ર ઝોન હોકી, અ-૧૭, ૧૪, ઓપન એજ ગ્રુપ બહેનો/ભાઈઓની સ્પર્ધા સરદાર પટેલ રમત સંકુલ, ચિતલ રોડ ગોળ દવાખાનાની બાજુમાં, તા.૦૯/૧૨/૨૦૨૫ થી ૧૪/૧૨/૨૦૨૫ સુધી યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા તેમજ ઉત્સાહ વધારવા અમરેલી જિલ્લાના તમામ નાગરિકોને સ્પર્ધા નિહાળવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરે ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી.નં.૧૦૪/૨૦૨૫

શ્રી લલીતભાઈ શામજીભાઈ હિરપરા
રહે.કુંતાણા તા.લીલીયા જી.અમરેલી
........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, કુંતાણા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી લલીતભાઈ શામજીભાઈ હિરપરાના પુત્ર મંથન લલીતભાઈ હિરપરા જન્મ તા.૧૧/૦૯/૨૦૧૬ના રોજ કુંતાણા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા



**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી.નં.૧૦૮/૨૦૨૫

શ્રી જયંતીભાઈ નાનજીભાઈ ભુવા
રહે.હાથીગઢ તા.લીલીયા જી.અમરેલી
........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, હાથીગઢ ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી જયંતીભાઈ નાનજીભાઈ ભુવાના પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૫ના રોજ હાથીગઢ મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા



**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નંબર. ૧૭૩/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી મનુભાઈ ચકુરભાઈ બાંભણીયા
સરનામું :- મુ.વિકટર, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિકટર
તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિકટર મુકામે ના શ્રી મનુભાઈ ચકુરભાઈ બાંભણીયા એ તેમના પિતા નામે સ્વ.ચકુરભાઈ સોમતભાઈ બાંભણીયા નું મરણ તા.૦૧/૦૬/૧૯૮૬ ના રોજ રાજુલા તાલુકાના વિકટર મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા. ૩૦/૧૦/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા



**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નંબર. ૧૫૬/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી વિનોદભાઈ મગનભાઈ પરમાર
સરનામું :- ઠે. જુનો કડીયાળી રોડ, ચામુંડા વિડીઓ સામે
મુ. રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખાખબાઈ તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના રાજુલા મુકામેના ઠે. જુનો કડીયાળી રોડ, ચામુંડા વિડીઓ સામે, ના રહેવાસી શ્રી વિનોદભાઈ મગનભાઈ પરમાર એ તેમની દાદી નામે સ્વ.સંતોકબેન શામજીભાઈ પરમાર નું મરણ તા.૦૯/૧૧/૨૦૦૧ ના રોજ રાજુલા તાલુકાના ખાખબાઈ મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.આર.સિંધવ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવા અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા. ૩૦/૧૦/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા



**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નંબર. ૧૬૦/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રસિકભાઈ લખમણભાઈ જાળોધરા
સરનામું :- મુ..ખાખબાઈ તા. રાજુલા જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખાખબાઈ
તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખાખબાઈ મુકામે ના શ્રી રસિકભાઈ લખમણભાઈ જાળોધરા એ તેમની પુત્રી નામે શ્રી કૃપા રસીકભાઈ જાલોધરા નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૭ ના રોજ રાજુલા તાલુકાના ખાખબાઈ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.આર.સિંધવ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા. ૩૦/૧૦/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# અમરેલી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજની વિદ્યાર્થિનીનું રાજ્યપાલના હસ્તે સન્માન થશે

અમરેલી,તા.૦૩

અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં બી.એ.સેમેસ્ટર-૬ની વિદ્યાર્થિની કુ.ગાયત્રી દિલીપભાઈ નિમાવતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સંસ્કૃત વિષયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમની આ વિશેષ સિદ્ધિ બદલ દાતાઓ તરફથી ૩(ત્રણ) ગોલ્ડ મેડલ અને વિવિધ પ્રકારના ૭(સાત) પ્રાઈઝ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ૧(એક) પુરસ્કાર અર્પણ કરાશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે આગામી ૨૫ ડિસેમ્બરે ૬૦મો પદવીદાન સમારોહ યોજાનાર છે, તેમાં રાજ્યપાલ તથા શિક્ષણ મંત્રીની ઉપસ્થિતિમાં તેમને સન્માનિત કરાશે. આ વિશેષ સિદ્ધિ બદલ કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.જી.વી. વેલિયત, વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ, નિયામક ડૉ. ગિરીશભાઈ ભીમાણી તથા સમગ્ર ટ્રસ્ટીગણ તેમજ કૉલેજ સ્ટાફ પરિવારે નિમાવત ગાયત્રીને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવ્યા હતા.



# ધારીના ખીચા રોડ પાસે ગમખ્વાર અકસ્માત: બોલેરો ચાલકે રીક્ષાને ટક્કર મારતા સાત લોકોને ગંભીર ઈજા

ધારી, તા.૦૩

ધારીના ખીચા રોડ રેલવે ફાટક નજીક એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. એક બેફામ બોલેરો ચાલકે પુરઝડપે અને બેફિકરાઈથી વાહન ચલાવી રીક્ષાને જોરદાર ટક્કર મારતા રીક્ષા પલટી ગઈ હતી. આ અકસ્માતમાં રીક્ષામાં સવાર એક જ પરિવારના સભ્યો સહિત કુલ સાત જેટલા લોકોને નાની-મોટી અને ગંભીર ઈજાઓ પહોંચી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ફરિયાદી ચિમનભાઈ કનુભાઈ ધામેચાની રીક્ષામાં તેમનો પરિવાર અને અન્ય સાહેદો મળીને દેવળા મુકામે સગાઈના કામે જઈ રહ્યા હતા. સાંજના આશરે સાડા છ વાગ્યાની આસપાસ તેઓ ખીચા રોડ પર રેલવે ફાટક પાસે પહોંચ્યા ત્યારે સામેથી ધસી આવેલા એક અજાણ્યા બોલેરો ચાલકે રીક્ષા સાથે ધડાકાભેર ટક્કર મારી હતી.

ફરિયાદી રીક્ષા ચાલકને કમરના ભાગે ઈજા, તેમના પત્ની સીલુબેનને માથાના ભાગે હેમરેજ અને પગના ભાગે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા, પરેશભાઈ પાટડીયાને બંને પગમાં ફ્રેક્ચર અને માથાના ભાગે હેમરેજ, જયભાઈ ધામેચાને મોઢાના હોઠ અને માથાના ભાગે ઈજા, હસ્તીબેન ધામેચાને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. જ્યારે ચિમનભાઈ, દયાબેન, સાહિલભાઈ અને કયુભાઈને શરીરે નાની-મોટી ઈજાઓ થઈ હતી.

અકસ્માત સર્જીને અજાણ્યો બોલેરો ચાલક ઘટનાસ્થળેથી તાત્કાલિક ભાગી ગયો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે અજાણ્યા બોલેરો ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.

# દીકરીનો જન્મ થતા પતિ - સાસુએ પુત્રવધૂને ગાળો બોલી ઢીકાપાટુ માર્યા

અમરેલી, તા.૦૩

અમરેલીની એક પરિણીતાના લગ્ન ભાવનગરના યુવક સાથે થયા હતા. લગ્ન બાદ દીકરીનો જન્મ થતાં ગાળો બોલીને ઢીકાપાટુ માર્યા હતા. અમરેલી ચાંદની ચોકમાં રહેતા જેનબબેન કયુમભાઈ પઠાણ (ઉં.વ.૨૫)એ પતિ કયુમભાઈ મુસ્તાકભાઈ પઠાણ, સાસુ સુરૈયાબેન મુસ્તાકભાઈ પઠાણ, સસરા મુસ્તાકભાઈ પઠાણ તથા જેઠ સાજીશભાઈ મુસ્તાકભાઈ પઠાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્નજીવન દરમ્યાન દીકરીનો જન્મ થયો હતો. જે બાબતે છૂટાછેડા આપી દેવા બાબતે અવાર-નવાર મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપી તેમને તેના સાસુએ ગાળો આપી હતી. તેમજ પતિ અને સાસુએ શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. જેના કારણે તેમને જમણા હાથના અંગુઠામાં ફેકચર થયું હતું.

# અમરેલીમાં અકસ્માતે મૃત્યુ નિપજાવનાર આરોપીને નિર્દોષ છોડાવતા ઉદયન ત્રિવેદી

અમરેલી, તા.૦૩



અમરેલી નજીક ચલાલા-ધારી રોડ પર ઓમકાર સ્કૂલ પાસે આરોપી અશોકભાઈ ઉર્ફે હસમુખભાઈ રવજીભાઈ ડાબસરાએ પોતાની ટાટા ઈન્ડીકા કાર પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી હતી. તેમણે સામેથી આવતા મોટર સાયકલ સાથે કાર અથડાવી હતી, જેમાં ફરિયાદી હંસાબેન ચંદ્રકાંતભાઈ સોજીત્રાને ગંભીર ઈજા પહોંચતા તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ તપાસ અધિકારીએ ચાર્જશીટ રજૂ કર્યું હતું. પ્રિન્સીપાલ સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ કેસ ચાલતા ફરિયાદી, ડોક્ટર અને પોલીસના પુરાવાઓને ધ્યાને લઈ આરોપીને ૬ માસની સજા તેમજ આઈ.પી.સી. કલમ ૩૦૪(અ) હેઠળ એક વર્ષની સજા અને રૂ. ૫૦૦૦ નો દંડ ફટકાર્યો હતો. સજાના હુકમ સામે આરોપી અશોકભાઈએ સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદી મારફતે ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. અપીલની સુનાવણી દરમિયાન એડવોકેટ ઉદયન ત્રિવેદીએ કાયદાના ટેકનિકલ મુદ્દાઓ અને ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ટાંકીને ધારદાર દલીલો કરી હતી. અમરેલી ડિસ્ટ્રિક્ટ કોર્ટના સેશન્સ જજ આર. વી. બુખારીએ આ દલીલો અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ અપીલ મંજૂર કરી હતી અને આરોપી અશોકભાઈ ઉર્ફે હસમુખભાઈ ડાબસરાને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો છે.

# વડીયાના અરજણસુખ ગામે શિક્ષકને ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી

વડીયા, તા.૦૩

વડીયાના અરજણસુખ ગામે શિક્ષકને ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે કુટુંબીજન સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ અંગે શિક્ષક તરીકે નોકરી કરતા બાબુલાલ રામજીભાઈ મોવલીયા (ઉ.વ.૫૨)એ ઘનશ્યામભાઈ રમેશભાઈ મોવલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ અરજણસુખ ગામે આવેલ તેમની વાડીએ જતા હતા. આરોપીની વાડી તેમના શેઢે આવેલ હોય અને આરોપીએ શેઢા પાસે પાણીનો પાઈપ રાખ્યો હતો. જે પાઈપના પાણીના ફોર્સથી તેમની જમીનમાં નુકસાન થતું હોવાથી તેને સમજાવતા જતા આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને જેમફાવે તેમ અશ્લિલ ગાળો આપી હતી. ઉપરાંત આરોપીએ તેના હાથમાં રહેલ લાકડાના બટકા વડે સાથળ તેમજ ડાબા હાથની કોણી નીચે એક એક ઘા મારી મુંઢ ઈજા કરી હતી તેમજ ટાંટીયા ભાંગી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલીની મોંઘીબા મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓએ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં સિદ્ધિ મેળવી

અમરેલી, તા.૦૩

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ હરિદ્વાર દ્વારા તા. ૩૦-૧૧-૨૦૨૫ ના રોજ ગાયત્રી સંસ્કાર ધામ, ચલાલા ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની 'ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા-૨૦૨૫' માં અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં 'સંસ્કૃતિ દર્પણ'માં ગોરી મુનેરા અકબરભાઈ (T.Y.B.A.) એ અમરેલી



જિલ્લામાં દ્વિતીય તથા બતાડા ભારતી કડવાભાઈ (S.Y.B.A.) એ તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ તેમજ 'સંસ્કૃતિ ભાસ્કર'માં પરમાર દયા રવજીભાઈ (S.Y.B.A.) એ અમરેલી જિલ્લામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધારેલ છે. આ વિશેષ સિદ્ધિ બદલ ત્રણેય વિદ્યાર્થિનીને કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.જી.વી. વેલિયત, વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ, નિયામક ડૉ.ગિરીશભાઈ ભીમાણી, માર્ગદર્શક અધ્યાપક ડૉ.એમ.જે. પટોળિયા તેમજ કોલેજ સ્ટાફ પરિવારે શુભેચ્છા સાથે અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલી જિલ્લા તાલીમ ભવન ખાતે ઝોન કક્ષાની રિસર્ચ પેપર કોન્ફરન્સનું આયોજન થયું

અમરેલી, તા.૦૩

જી.સી.આર.ટી ગાંધીનગર પ્રેરિત અને ડો. જીવરાજ મહેતા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી દ્વારા તારીખ ૨ /૧૨ /૨૦૨૫ ના રોજ ઝોન કક્ષાની પેપર કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ જિલ્લામાંથી શિક્ષકો હાજર રહ્યા હતા તથા અમરેલી જિલ્લામાંથી પણ ઘણા બધા શિક્ષકો હાજર રહ્યા હતા. તેમાંના એક હરીપુરા પ્રાથમિક શાળાના શિક્ષક જોષી હિમાંશુ કુમાર, દિનેશભાઈએ ભાગ લીધો હતો તથા તાલીમ ભવનના પ્રાચાર્ય ડૉ.કાર્તિકભાઈ વ્યાસના હસ્તે પ્રમાણપત્ર મેળવ્યું હતું. હિમાંશુ જોષીને પ્રમાણપત્ર મળતા હાજર રહેલા શિક્ષકોએ અભિનંદન પાઠવ્યા હતા.

**હિમાંશુ જોષીને પ્રમાણપત્ર એનાયત કરાયું**

# સાવરકુંડલાની ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં ગીતા જયંતીની ઉજવણી

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલામાં વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં સોમવારે ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થિનીઓએ ગીતાના શ્લોકનું પઠન, મુખપાઠ, વક્તવ્ય, ગીતાના વિષયો ઉપર ક્વિઝ, પ્રદર્શન વગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કાર્યકારી આચાર્ય ડી.એલ. ચાવડાએ ગીતાનું વર્તમાન



સમયમાં મહત્વ દર્શાવ્યું હતું અને કાર્યક્રમ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ગ્રંથપાલ ડો.જાગૃતિબેન રાઠોડે જ્ઞાન કર્મ અને ભક્તિનો ત્રિવેણી સંગમ ગીતામાં છે તેવું સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. પ્રતિમા એમ. શુકલએ કર્યું હતું. પ્રા. કે.બી. પટેલ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચૌદશ
તા. ૦૪-૧૨-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૧૦, સૂર્યાસ્ત-૦૫:૪૯, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: કૃતિકા

## દૈનિક રાશિફળ

**તા.૦૪-૧૨-૨૦૨૫ ગુરૂવાર**

મેષ: આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનતમાં રોકાયેલા રહેશો.

વૃષભ: આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે.

મિથુન: આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં.

કર્ક: જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો, તેથી કોઈપણ કાર્ય વિચાર્યા પછી જ હાથમાં લેશો.

સિંહ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો.

કન્યા: આજનો દિવસ લાભકારક રહેશે. પ્રકૃતિ ચંચળ હશે. લોકોને તમારી હાજરીમાં હળવાશનો અનુભવ થશે.

તુલા: આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઇચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે.

વૃશ્ચિક: નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે.

ધન: આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. મનમાં ખોટ થવાના ડરને કારણે તમે કાર્યમાં ઉત્સાહ લાવી શકશો નહીં.

મકર: આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે.

કુંભ: આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે.

# સાવરકુંડલાના નેસડી ખાતે વિશ્વ દિવ્યાંગ દિનની ઉજવણી: દિવ્યાંગ પ્રતિભાઓના જીવન સંઘર્ષને યાદ કરાયા

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલા તાલુકાના નેસડી મુકામે આવેલ શ્રી એલ.જી.એમ. પારેખ વિદ્યાલય ખાતે 'વિશ્વ દિવ્યાંગ દિન અને જન જાગૃતિ કાર્યક્રમ-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન આર.જે. દેસાઈ હાઈસ્કૂલ ઓળીયા કલસ્ટર અને શાળાના વિશિષ્ટ શિક્ષક અજયભાઈ રમણીકલાલ મહેતા



દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે અજયભાઈ મહેતાએ આદિ કવિ સૂરદાસ, મહર્ષિ અષ્ટાવક્ર, હેલન કેલર, ગ્રેહામ બેલ, લુઈસ બ્રેઈલથી લઈને વર્તમાન સમયના પ્રાંજલ દેસાઈ (IES), આશિષભાઈ માંકડ (CA, જૂનાગઢ) અને ભારતીય દિવ્યાંગ મહિલા હોકી વિશ્વ ચેમ્પિયન ટીમ સુધીના મહાનુભાવોના જીવન કવન અને સંઘર્ષ વિશે વાત કરી દેશ-વિદેશની મહાન વિભૂતિઓને નમન કર્યા હતા. કાર્યક્રમમાં શાળાના આચાર્ય ધર્મેન્દ્રભાઈ ગોહેલે પ્રાસંગિક શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો, જ્યારે શિક્ષક અશ્વિનભાઈએ પ્રેરણાદાયક ઉદબોધન કર્યું હતું.

# ચિતલના વેપારીની દીકરી લાપતા બની

અમરેલી, તા.૦૩

અમરેલીના ચિતલના વેપારીની દીકરી લાપતા બની હતી. ઘણી શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. રાજેશભાઈ રસિકભાઈ પરમાર (ઉ.વ.૫૨) એ જાહેર કર્યા મુજબ તેમની પુત્રી હેમાંગીબેન પરમાર (ઉ.વ.૧૯) ચિતલ ગામે પોતાના બ્યુટીપાર્લર ખાતે ગઈ હતી અને બાદ ઘરે પરત આવી નહોતી. તેમજ કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી.

# જિલ્લામાંથી નવ શરાબી ઝડપાયા

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી નવ ઈસમોને પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપી પાડ્યા હતા. નારાયણ નગર, ભીખારીનાં ડુંગરા પાસે એક મહિલાના રહેણાંક મકાનેથી ચાર લીટર તથા જુના ઝાંઝરીયા ગામેથી બે લીટર મળી કુલ છ લીટર દેશી દારૂ પકડાયો હતો.

# રાજુલાની ગાયત્રી શક્તિપીઠમાં રવિવારે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

રાજુલા, તા.૦૩

રાજુલાની ગાયત્રી શક્તિપીઠમાં ૭-૧૨-૨૫ને રવિવારના રોજ સવારે હનુમંત હોસ્પિટલ-મહુવા દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે. આ કેમ્પ ગાયત્રી પીઠના સ્વ. મેનેજિંગ ટ્રસ્ટી રમણિકલાલ નરોત્તમદાસ ગોરડીયાની પાંચમી પુણ્યતિથિએ રાજુલા-જાફરાબાદ-ખાંભાના તાલુકાના જરૂરિયાતમંદ લોકો માટે યોજાશે. આ કેમ્પમાં હનુમંત હોસ્પિટલના ડોક્ટરો સેવાઓ આપશે. તમામ રોગના સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો દ્વારા આ કેમ્પમાં વિનામૂલ્યે તપાસ કરીને જરૂર મુજબ દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે. જો આંખની તપાસમાં મોતિયો હશે તો હનુમંત હોસ્પિટલમાં દર્દીને લઈ જઈને વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે. ગોરડીયા પરિવારના અમેરિકાસ્થિત નરેન્દ્રભાઈ રમણિકલાલ ગોરડીયા તથા શ્વેતાબેન નરેન્દ્રભાઈ ગોરડીયા તરફથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં જે લોકો હશે તેમને વિનામૂલ્ય ચકલીના માળા આપવામાં આવશે. આ કેમ્પમાં દર્દીઓની નોંધણી સ્થળ ઉપર જ રાખવામાં આવેલ છે. જે લોકોને મોતિયો હોય તેને આધારકાર્ડની ઝેરોક્ષ લાવવી જરૂરી છે. આ કેમ્પના સંયોજક વિનુભાઈ વોરા, ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, ચેમ્બર ઓફ કોમર્સ છે, તેમ ઘનશ્યામ મેવાડાની યાદી જણાવે છે.

# સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે ગીતા જયંતિની ઉજવણી

અમરેલી,તા.૦૩

એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ તથા પાંડુરંગ શાસ્ત્રી આઠવલે પ્રેરિત સ્વાધ્યાય પરિવારના સંયુક્ત ઉપક્રમે આજે ગીતા જયતિની ઉજવણી કરવામાં આવેલ. આ સમારંભમાં કોલેજ કેમ્પસ ડાયરેક્ટર ડો.જીગ્નેશભાઈ વાજા, સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસની વિશેષ ઉપસ્થિતિ રહેલ. સ્વાધ્યાય પરિવારના બહેનો દ્વારા ગીતા જયંતિનું મહત્વ સમજાવવામાં




આવેલ. જેમાં ગીતાજીના બધા અધ્યાયોની સમજૂતી આપેલ. આ ઉપરાંત કોલેજની બહેનોએ પંદરમાં અધ્યાયનો પાઠ કરેલ. આ તકે કોલેજ પ્રિન્સીપાલ ડો. રીટાબેન રાવલે પુરુષાર્થના વિચાર પર ભાર મૂકી વિવિધ ઉદાહરણ આપી સમજાવેલ. સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદીએ ગીતા પર મનનીય પ્રવચન આપેલ. એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર પ્રોફેસર જાગૃતિબેન તેરૈયા તથા પ્રોફેસર ભગવતીબેન વડીયાએ કાર્યક્રમની સંપૂર્ણ જહેમત ઉઠાવી હતી.

**તંત્રી લેખ**

# સંચાર સાથી: સુરક્ષા અને સ્વતંત્રતા વચ્ચેનો સવાલ

સ્માર્ટફોનમાં 'સંચાર સાથી' એપ ફરજિયાત ઈન્સ્ટોલ કરવાના તાજેતરના સરકારી આદેશે સંસદથી લઈને રસોડા સુધી ચર્ચા અને ચિંતાનો વિષય ઊભો કર્યો છે. એક તરફ, સરકાર આ એપને ફ્રોડ અટકાવવાની એક સખત ડિજિટલ સુરક્ષા પહેલ તરીકે રજૂ કરે છે. તો બીજી તરફ, વિપક્ષ અને ડિજિટલ હક્ક કાર્યકરો તેમાં 'સર્વેલન્સ સ્ટેટ'ની સંભાવના જુએ છે. આ વિવાદ માત્ર એક એપના ફરજિયાત ઈન્સ્ટોલેશનનો નથી, પરંતુ એક લોકશાહી દેશમાં રાષ્ટ્રીય સુરક્ષા અને નાગરિકોની ગોપનીયતા વચ્ચેની સંવેદનશીલ સીમારેખા ક્યાં દોરવી જોઈએ, તેના ગંભીર સવાલનો છે. 'સંચાર સાથી' એપ પરની ધાંધલ સંસદમાં ધાર્યા કરતાં વધુ તીવ્ર બની છે. વિપક્ષે આ આદેશને 'સરમુખત્યારશાહી' અને 'જાસૂસી' ગણાવીને સંસદીય કાર્યવાહી રોકવાના પ્રયાસો કર્યા. તેમની મુખ્ય ચિંતા સ્પષ્ટ છે: શું આ એપ સરકારને દરેક નાગરિકના કોલ લોગ્સ, મેસેજ અને ફોન એક્સેસ પર નજર રાખવાની શક્તિ આપશે? કોંગ્રેસના નેતાઓ પ્રિયંકા ગાંધી અને રેણુકા ચૌધરીએ તેને નાગરિકોની ગોપનીયતા અને તેમના પરિવાર-મિત્રો સાથેના ખાનગી સંચારની સ્વતંત્રતા પરનો સીધો હુમલો ગણાવ્યો છે. તેઓ માને છે કે ફ્રોડ રોકવાના નામે આટલું સર્વવ્યાપી સાધન બનાવવું એ રશિયાની 'મેક્સ' એપ જેવા સર્વેલન્સ મોડેલ તરફનું પગલું છે. આનાથી વિપરીત, કેન્દ્ર સરકાર અને ભાજપ આ આદેશને ડિજિટલ ભારતને સુરક્ષિત બનાવવાની એક જરૂરી પહેલ તરીકે રજૂ કરે છે. કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ સંસદમાં સ્પષ્ટતા કરી કે આ એપ સંપૂર્ણપણે વૈકલ્પિક છે, નોંધણી કર્યા વિના તે નિષ્ક્રિય રહે છે અને વપરાશકર્તાની ઈચ્છાએ ડિલીટ પણ કરી શકાય છે. તેમની દલીલ છે કે આ એપનો મુખ્ય હેતુ યુઝર દ્વારા રિપોર્ટ કરાયેલ સ્પામ કોલ અને મેસેજને ફિલ્ટર કરવાનો છે. ભાજપ સાંસદ સંબિત પાત્રા તેને ફોન ચોરી, આઈએમઈઆઈ ક્લોનિંગ અને ફિશિંગ હુમલાઓથી સામાન્ય માણસને રક્ષણ આપતું આવશ્યક સાધન ગણાવે છે. આમ, એક પક્ષ 'સર્વેલન્સ'નો ભય દેખાડે છે, તો બીજો પક્ષ 'સુરક્ષા'ની તાતી જરૂરિયાત ઉઠાવે છે. મોબાઈલ ઉદ્યોગની પ્રતિક્રિયાએ પણ આ ચિંતામાં વધારો કર્યો છે. એપલ જેવી જગતની અગ્રણી બ્રાન્ડે સ્પષ્ટ કર્યું છે કે હાલની યોજના મુજબ આદેશનું પાલન કરવું તેમના માટે પડકારજનક છે, જ્યારે સેમસંગ આ મામલે સમીક્ષા કરી રહ્યું છે. આ દર્શાવે છે કે આ સરકારી પગલું વૈશ્વિક ધોરણો અને ગોપનીયતા માટેના નિયમો સાથે સુસંગત છે કે નહીં તે પણ એક મોટો પ્રશ્ન છે. બીએસએનએલના પૂર્વ ચેરમેન અનુપમ શ્રીવાસ્તવની ટિપ્પણી સંતુલિત છે: ફ્રોડ રોકવા માટેના પગલાં જરૂરી છે, પરંતુ ગોપનીયતાની આશંકાઓને દૂર કરવી પણ એટલી જ અનિવાર્ય છે. લોકશાહીમાં, ટ્રસ્ટની નીવ ગોપનીયતા અને પારદર્શિતા પર જ ટકી રહે છે. આખરે, 'સંચાર સાથી' વિવાદ એ ડિજિટલ યુગમાં લોકશાહીના નવા સવાલોની શરૂઆત છે. તે આપણી સામૂહિક બુદ્ધિની કસોટી છે. સુરક્ષા અને સ્વતંત્રતા એકબીજાના વિરોધી નથી; બંને સાથે પણ પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ તે માટે સરકારે વધુ સંવાદ અને પારદર્શિતા દાખવવી પડશે, અને વિપક્ષે રચનાત્મક આલોચના અને સમીક્ષા કરવી પડશે. નાગરિક તરીકે આપણી ફરજ છે કે આપણા અધિકારો પ્રત્યે જાગ્રત રહીએ, પરંતુ જવાબદારીઓ પણ સમજીએ. કેવળ ભય અથવા કેવળ વિશ્વાસમાં નહીં રહેવું, પરંતુ પ્રશ્ન પૂછવો, માહિતી માગવી અને સ્પષ્ટ જવાબની માંગણી કરવી – એ જ લોકશાહીનું સાર્થકત્વ છે. આ વિવાદનો અંત કોઈ સારી કે ખરાબ એપમાં નથી, પણ એમાં છે કે આપણે ડિજિટલ યુગના પડકારોનો સામનો કરવા માટે કેટલા મજબૂત બન્યા છીએ.

# આધુનિક ટેકનોલોજી દ્વારા ખંભાતના અખાતનું સુરક્ષા કવચ


**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ગુજરાતની દરિયાઈ પરંપરા માત્ર દાયકાઓ નહીં, પણ સદીઓ જૂની છે. સિંધુ ખીણની સંસ્કૃતિના સમયથી, લોથલ જેવા બંદરો વિશ્વના નકશા પર વેપારના ધબકારા બનીને ઊભરી આવ્યા હતા. ગુજરાતનો દરિયાકિનારો, જે ભારતનો સૌથી લાંબો કિનારો છે, તે હંમેશા પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનો સેતુ રહ્યો છે. ગુજરાતના ખલાસીઓ અને વહાણવટીઓ તેમની સાહસિકતા માટે જગતભરમાં જાણીતા હતા. તેઓ કેમ્બે (ખંભાત), ભરૂચ અને સોમનાથ જેવા સમૃદ્ધ બંદરોમાંથી પર્સિયા, અરબસ્તાન, આફ્રિકા અને દક્ષિણ-પૂર્વ એશિયા સુધીના દૂર-સુદૂરના દરિયાઈ માર્ગો ખેડતા હતા. અહીંના જહાજ નિર્માણ ઉદ્યોગે મજબૂત અને ટકાઉ જહાજોની રચના કરી, જે દરિયાઈ તોફાનો સામે ટકી રહેવાની ક્ષમતા ધરાવતા હતા. દરિયાઈ વાણિજ્યમાં ગુજરાતની આ નિપુણતા જ તેને ભારતના અર્થતંત્રમાં સૌથી મોટો દરિયાઈ ફાળો આપનાર રાજ્ય બનાવે છે. આજે પણ, ગુજરાત તેના વ્યસ્ત બંદરો દ્વારા રાષ્ટ્રના આર્થિક વિકાસને વેગ આપે છે, અને આ સદીઓ જૂની પરંપરાને જાળવવા તથા તેને આધુનિકતાના રંગે રંગવા માટે, રાજ્ય સરકાર દ્વારા અદ્યતન તકનીકી પગલાં લેવામાં આવી રહ્યા છે. આ પૃષ્ઠભૂમિમાં, ખંભાતના અખાતમાં અમલમાં મુકાયેલા વેસલ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (VTMS) ના નવા નિયમો દરિયાઈ પરિવહનના આ સદીઓ જૂના વારસાને એક નવું, સુરક્ષિત અને કાર્યક્ષમ આયામ આપી રહ્યા છે.

જટિલ સમુદ્રમાં સુરક્ષાની નવી ક્ષિતિજો: VTMS નો પ્રારંભ કરવામાં આવશે.

ગુજરાતના ખંભાતના અખાતમાં દરિયાઈ પરિવહનને નવું આયામ આપતા, સરકારે અદ્યતન વેસલ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (VTMS) નિયમો જાહેર કર્યા છે. આ પગલું માત્ર એક વહીવટી નિર્ણય નથી, પરંતુ દરિયાઈ સુરક્ષા, કાર્યક્ષમતા અને પર્યાવરણીય સંરક્ષણના એક નવા યુગનો પ્રારંભ છે. આ પ્રણાલી દ્વારા ગુજરાતની દરિયાઈ સલામતીની પ્રતિબદ્ધતાને એક નવી ઊંચાઈ પ્રાપ્ત થઈ છે. આ સિસ્ટમનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર અકસ્માતોને ટાળવાનો જ નહીં, પરંતુ સમગ્ર દરિયાઈ લોજિસ્ટિક્સ પ્રવાહને વધુ ઝડપી અને ભરોસાપાત્ર બનાવવાનો છે, જે આખરે રાજ્યની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવશે.

૧. ખંભાતના અખાતની ભૌગોલિક કસોટી અને VTMS ની અનિવાર્યતા હોવાને કારણે આ નવી સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી રહી છે. ખંભાતનો અખાત, જેને ભૂતકાળમાં કેમ્બેનો અખાત કહેવાતો હતો, તે વિશ્વના સૌથી પડકારજનક નેવિગેશનલ વિસ્તારોમાંનો એક ગણાય છે. તેની ભૌગોલિક રચના જહાજો માટે સતત કસોટીરૂપ રહે છે. ઉત્તર તરફ સાંકડો થતો આ અખાત છીછરા જળમાર્ગો અને રેતીના પટ્ટાઓથી ભરેલો છે. પરંતુ સૌથી મોટો પડકાર અહીંની ભરતીની ગતિ (Tidal Range) છે, જે વિશ્વમાં સૌથી વધુ જોવા મળે છે. આ ઊંચી ભરતીના કારણે પાણીનું સ્તર ઝડપથી





બદલાય છે, જેના પરિણામે પ્રવાહની ગતિ (Current Velocity) ખૂબ જ તીવ્ર બની જાય છે, જે અમુક સ્થળોએ છ નોટ સુધી પણ પહોંચી શકે છે. આટલો ઝડપી પ્રવાહ અને ભરતીનો તીવ્ર ઉછાળો મોટા માલવાહક જહાજો માટે તેમના માર્ગ પર નિયંત્રણ રાખવાનું અત્યંત મુશ્કેલ બનાવે છે. વળી, અખાતમાં અસંખ્ય ખડકો, રેતીના પટ્ટા (Shoals), અને સતત બદલાતા જળમાર્ગો (Navigational Channels) ને કારણે જહાજોના ગ્રાઉન્ડિંગ અને ટકરાવનું જોખમ હમેશાં ઊંચું રહે છે.

આ ભૌગોલિક જટિલતા ઉપરાંત, ખંભાતનો અખાત એક અત્યંત વ્યસ્ત દરિયાઈ કોરિડોર પણ છે, જ્યાં ભાવનગર, દહેજ અને હજીરા જેવા મુખ્ય બંદરો આવેલા છે. અહીં વ્યાવસાયિક જહાજો, કન્ટેનર જહાજો, તેલ ટેન્કરો અને મત્સ્યઉદ્યોગની હજારો નાની-મોટી નૌકાઓની ગીચતા સતત રહે છે. આ વિવિધ પ્રકારના ટ્રાફિકનું સંચાલન પરંપરાગત પદ્ધતિઓ દ્વારા લગભગ અશક્ય છે. ખાસ કરીને, મત્સ્યઉદ્યોગની નૌકાઓ ઘણીવાર AIS ટ્રાન્સપોન્ડર ધરાવતી ન હોવાથી, તેમને માત્ર રડાર દ્વારા જ ઓળખવી પડે છે, જે નિયંત્રણ ઓપરેટરો માટે પડકારરૂપ કાર્ય બની રહે છે. આવા ગીચ અને અસ્તવ્યસ્ત વાતાવરણમાં, એક અદ્યતન, વાસ્તવિક-સમય આધારિત દેખરેખ અને માર્ગદર્શન પ્રણાલી, એટલે કે VTMS, ની જરૂરિયાત અત્યંત આવશ્યક બની ગઈ છે. આ સિસ્ટમ જટિલ હવામાન અને જળ પ્રવાહની પરિસ્થિતિઓમાં પણ જહાજોને ચોક્કસ માર્ગદર્શન આપીને સુરક્ષાની ખાતરી આપે છે. ૨. ટેકનોલોજીનો સમન્વય: VTMS દ્વારા જહાજ ટ્રાફિકનું સ્માર્ટ મેનેજમેન્ટ : વેસલ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (VTMS) એ દરિયાઈ પરિવહનનું એક બુદ્ધિશાળી નિયંત્રણ કેન્દ્ર છે, જે દરિયાની ખુલ્લી સપાટી પર સુરક્ષા અને કાર્યક્ષમતા માટે તકનીકી ઉપકરણોનો સમન્વય કરે છે. આ પ્રણાલી હવાઈ ટ્રાફિક નિયંત્રણ (ATC) ની જેમ જહાજોને 'દરિયાઈ આંખ' સમાન તકનીકી સહાય પૂરી પાડે છે. VTMS નું મુખ્ય કાર્ય અનેક અદ્યતન તકનીકોના સહયોગ પર આધારિત છે. આ પ્રણાલીના મુખ્ય ઘટકોમાં હાઈ-રેઝોલ્યુશન રડાર, ઓટોમેટિક આઈડેન્ટિફિકેશન સિસ્ટમ (AIS), અને ક્લોઝ્ડ-સર્કિટ ટેલિવિઝન (CCTV) નો સમાવેશ થાય છે. રડાર, દરિયામાં ચોક્કસ અંતરે રહેલા જહાજોની સ્થિતિ, ગતિ અને દિશાનું ચોક્કસપણે પૃથ્થકરણ કરે છે, પછી ભલે તે ધુમ્મસ હોય કે રાત. AIS દરેક મોટા જહાજ પર ફરજિયાતપણે લગાવેલ હોય છે, જે જહાજનું નામ, કદ, ગંતવ્ય સ્થાન અને આગમન સમય જેવી મહત્વપૂર્ણ માહિતી સતત પ્રસારિત કરે છે. જ્યારે CCTV કેમેરા, ખાસ કરીને બંદર અને ચેનલના પ્રવેશ માર્ગો પર, વિઝ્યુઅલ મોનિટરિંગ માટે ઉપયોગી થાય છે, જે રડાર અને AIS ડેટાની વિશ્વસનીયતાને મજબૂત બનાવે છે. VTMS નું કેન્દ્રીય નિયંત્રણ ખંડ આ તમામ ડેટાને એકત્રિત કરીને તેનું સતત વિશ્લેષણ કરે છે અને એક સંકલિત ડિજિટલ નકશા પર પ્રદર્શિત કરે છે. VTMS ઓપરેટર્સ, આ માહિતીના આધારે, જહાજોને રેડિયો કોમ્યુનિકેશન દ્વારા સલાહ આપે છે, જેમાં સુરક્ષિત માર્ગો, અન્ય જહાજોથી જરૂરી અંતર જાળવવા, અને ભરતી-ઓટ તેમજ હવામાનની પૂર્વજાણકારી અંગે સચોટ માર્ગદર્શનનો સમાવેશ થાય છે. આ નવા નિયમો હેઠળ, જહાજો માટે નિયુક્ત ટ્રાફિક સેપરેશન સ્કીમ્સ (TSS) નું પાલન કરવું ફરજિયાત બનશે. આ TSS જળમાર્ગોને આવન-જાવનના અલગ લેન[illegible] વિભાજિત કરીને ટકરાવના જોખમને વ્યવસ્થિત રીતે ઘટાડે છે. કોઈપણ જહાજ નિયત જળમાર્ગમાંથી વિચલિત થાય કે તરત જ, VTMS ઓપરેટર તાત્કાલિક હસ્તક્ષેપ કરીને માર્ગદર્શન આપે છે, જેનાથી કટોકટીની પરિસ્થિતિઓ ઉદ્ભવે તે પહેલાં જ તેનું નિવારણ થઈ શકે છે.

૩. આર્થિક ગતિશીલતા અને પર્યાવરણીય સંરક્ષણ: VTMS ના બહુવિધ લાભ- ખંભાતના અખાતમાં અમલમાં મૂકવામાં આવેલા નવા VTMS નિયમો ગુજરાતની દરિયાઈ અર્થવ્યવસ્થા અને પર્યાવરણીય સંરક્ષણ માટે બહુવિધ લાભ લઈને આવ્યા છે. આ નિયમોનો સીધો અને સૌથી મોટો લાભ ગુજરાતના વ્યસ્ત બંદરો, જેમ કે દહેજ, હજીરા અને ભાવનગરની કાર્યક્ષમતામાં થનારો વધારો છે. આર્થિક લાભ અને બંદર કાર્યક્ષમતાની ગતિ: સુરક્ષિત અને સુવ્યવસ્થિત ટ્રાફિક વ્યવસ્થાપનથી જહાજોનો 'ટર્નઅરાઉન્ડ ટાઇમ' (બંદરમાં પ્રવેશથી લોડિંગ/અનલોડિંગ પૂરું કરીને બહાર નીકળવા સુધીનો સમય) નોંધપાત્ર રીતે ઘટશે. આમ, ખંભાતના અખાતમાં લાગુ થઈ રહેલા VTMS ના નવા નિયમો માત્ર નિયમોનો સમૂહ જ નથી, પરંતુ ગુજરાતની દરિયાઈ અર્થવ્યવસ્થાને વધુ સુરક્ષિત, ઝડપી અને ટકાઉ બનાવવાનો એક વ્યવસ્થિત પ્રયાસ છે. આ પગલું દરિયાઈ પરિવહનના ક્ષેત્રે રાજ્યની પ્રગતિશીલ વિચારધારાનું પ્રતીક છે અને ભવિષ્યના દરિયાઈ વેપાર માટે પોતાને સંપૂર્ણપણે સજ્જ કરી રહ્યું છે, જ્યાં સલામતી અને સમૃદ્ધિ એકબીજા સાથે સહઅસ્તિત્વ ધરાવે છે.

**ગુજરાતના દરિયાઈ વારસાની સદીઓ જૂની વેપારની પરંપરામાં આજે જબરજસ્ત વિકાસ થઈ રહ્યો છે જેના અનુસંધાને વેસલ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમના નવા નિયમોનો અમલ થઈ રહ્યો છે જેમાં અત્યંત આધુનિક ટેકનોલોજી દ્વારા ખંભાતના અખાતમાં રહેલા પડકારો જેવા કે ભારે દરિયાઈ પ્રવાહ, સિલ્ટરિંગ એટલે કે સમુદ્રમાં નદીઓના કાંપની જમાવટ જેવા પડકારોને પહોંચી વળવા માટે આ નિયમો જરૂરી હતા.**

## શબ્દ સંજોગ-૨૧૧૧



**આડી ચાવી :**
(૧) કમનસીબ (૩)
(૩) તાવ (૨)
(૫) અતિ.....તે પાપનું મૂળ (૨)
(૬) ...હોય તો માળવે જવાબ (૨)
(૭) જહાજ ભાંગવાનો ઉદ્યોગ આ સ્થળે (૩)
(૮) સુસંગત, અનુરૂપ (૩)
(૯) માપ વિનાનું (૩)
(૧૨) પૂછપરછ (૪)
(૧૩) લોકોમાં પ્રચલિત એવુ ગીત (૪)
(૧૫) લીન, મગ્ન (૨)
(૧૭) રાહ, ડગર (૨)
(૧૯) પાણી, જળ (૨)
(૨૦) જમીન, ધરતી (૨)
(૨૧) સરખામણીમાં, તુલનામાં (૨)
(૨૨) ......ગૂંથણ (૩)
(૨૪) એક ચોઘડિયું (૨)
(૨૬) નડતર, પીડા (૩)
(૨૭) ડોસી (૩)

**ઉભી ચાવી :**
(૧) વ્યર્થ, નકામુ (૩)
(૨) સોળે સાનને વીસે (૨)
(૩) પ્રકાશમાન, ઝળહળતુ (૩)
(૪) નાડી, શિરા (૨)
(૫) નદી આપણી..કહેવાય છે (૪)
(૭) અસંખ્ય (૪)
(૯) તંગી, તાણ (૩)
(૧૦) પછાડવુ તે (૪)
(૧૧) હોકારો, બૂમ (૨)
(૧૨) પૂરેપૂરુ, સંપૂર્ણ (૨)
(૧૩) લોખંડ (૨)
(૧૪) એક શિકારી પક્ષી (૨)
(૧૬) વાળ્યો ને...! (૪)
(૧૭) પવન, હવા (૩)
(૧૮) ગાદી, તકિયાની ખોલ (૩)
(૧૯) ગગન, આકાશ (૨)
(૨૩) લાગ, મોકો (૨)
(૨૫) માના પેટમાં રહેલુ જીવનું રૂપ (૨)

## શબ્દ સંજોગ-૨૧૧૦ જવાબ

**આડી ચાવી:** (૧) પરમ (૩) મકર (૬) ગરજ (૭) મનન (૯) ડીનર (૧૦) લઅબી(અબીલ) (૧૨) ને (૧૩) જી (૧૪) વરખ (૧૬) મૂરખ (૧૯) મનન (૨૦) માકડ(કમાડ) (૨૨) શરણ (૨૪) બરકત (૨૫) રાજ (૨૬) જલેબી (૨૭) કબીર (૨૮) ટન.
**ઉભી ચાવી:** (૧) પકોડી (૨) મગર (૩) મજબ (૪) રકાબી (૫) કનક (૯) નજર (૧૧) અગર (૧૪) વપશરા (વપરાશ) (૧૫) ખમણ (૧૬) મૂન (૧૭) ખમાર (૧૮) લડત (૨૧) કકળાટ (૨૩) રજક (૨૪) બબીતા (૨૬) જર.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૯૦ | ૧૫૦૫ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૨૫ |
| જુવાર સફેદ | ૭૨૧ | ૯૪૦ |
| જુવાર લાલ | ૭૩૧ | ૯૧૫ |
| જુવાર પીળી | ૩૦૦ | ૪૮૦ |
| બાજરી | ૩૬૫ | ૪૫૦ |
| મકાઇ | ૨૫૫ | ૪૪૦ |
| તુવેર | ૯૦૦ | ૧૩૦૦ |
| ચણા પીળા | ૯૭૦ | ૧૦૯૮ |
| ચણા સફેદ | ૧૪૪૦ | ૧૯૪૦ |
| અડદ | ૯૫૦ | ૧૪૭૦ |
| મગ | ૧૧૫૦ | ૧૭૮૫ |
| વાલ દેશી | ૬૫૦ | ૯૫૪ |
| ચોળી | ૮૦૧ | ૧૧૯૦ |
| મઠ | ૮૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કળથી | ૪૪૧ | ૭૮૦ |
| રાજમા | ૧૧૦૦ | ૧૫૬૬ |
| મગફળી જાડી | ૧૦૧૫ | ૧૩૭૦ |
| મગફળી જીણી | ૧૦૦૫ | ૧૩૫૦ |
| તલી | ૧૯૧૦ | ૨૩૦૦ |
| સુરજમુખી | ૬૩૦ | ૧૨૬૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| અજમો | ૯૦૧ | ૨૪૩૦ |
| સુવા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૮૦૧ | ૯૨૧ |
| સીંગફાડા | ૮૮૦ | ૧૪૭૧ |
| કાળા તલ | ૩૪૫૦ | ૫૧૭૧ |
| લસણ | ૬૯૧ | ૯૪૦ |
| ધાણા | ૧૪૫૦ | ૧૯૮૯ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૩૪૦૦ |
| ધાણી | ૧૪૪૦ | ૧૯૩૫ |
| વરીયાળી | ૭૦૦ | ૧૩૬૦ |
| જીરૂ | ૩૫૪૦ | ૪૦૦૦ |
| રાય | ૧૪૧૦ | ૧૯૨૬ |
| મેથી | ૯૧૧ | ૧૨૪૯ |
| ઇસબગુલ | ૧૨૪૨ | ૧૨૪૨ |
| કલોંજી | ૩૯૬૦ | ૪૧૪૬ |
| રાયડો | ૧૨૦૦ | ૧૩૪૪ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૯૬૫૦ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૧૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૫૯ | ૫૧૪ |
| પપૈયા | ૬૨ | ૯૧ |
| બટેટા | ૨૧૨ | ૪૪૩ |
| ડુંગળી સુકી | ૫૦ | ૧૯૦ |
| ટમેટા | ૪૦૭ | ૭૯૨ |
| સુરણ | ૫૮૪ | ૭૭૬ |
| કોથમરી | ૨૧૭ | ૩૩૭ |
| મુળા | ૩૨૭ | ૪૬૬ |
| રીંગણા | ૩૫૧ | ૫૮૧ |
| કોબીજ | ૧૧૩ | ૨૧૯ |
| ફ્લાવર | ૪૫૪ | ૫૪૬ |
| ભીંડો | ૭૨૧ | ૮૨૪ |
| ગુવાર | ૫૧૧ | ૧૫૦૭ |
| ચોળાસીંગ | ૪૦૯ | ૬૧૦ |
| વાલોળ | ૮૪૨ | ૧૨૧૩ |
| ટીંડોરા | ૩૧૭ | ૭૨૧ |
| દુધી | ૧૪૨ | ૨૮૨ |
| કારેલા | ૫૦૭ | ૬૦૯ |
| સરગવો | ૧૨૪૮ | ૧૮૩૯ |
| તુરીયા | ૮૦૭ | ૧૦૧૪ |
| પરવર | ૧૦૨૧ | ૧૪૧૯ |
| કાકડી | ૫૦૮ | ૭૧૪ |
| ગાજર | ૩૦૨ | ૪૨૬ |
| વટાણા | ૯૭૧ | ૧૨૩૬ |
| તુવેરસીંગ | ૭૦૪ | ૧૦૧૩ |
| ગલકા | ૪૧૩ | ૬૧૭ |
| બીટ | ૨૭૭ | ૪૨૪ |
| મેથી | ૭૯૭ | ૯૮૪ |
| વાલ | ૮૧૧ | ૧૨૦૬ |
| ડુંગળી લીલી | ૨૭૭ | ૪૧૪ |
| આદુ | ૯૧૯ | ૧૨૧૬ |
| ચણા લીલા | ૬૮ | ૪૧૭ |
| મરચા લીલા | ૩૬૬ | ૭૪૯ |
| હળદર લીલી | ૩૧૯ | ૫૧૪ |
| લસણ લીલુ | ૮૧૬ | ૧૨૦૭ |
| મકાઇ લીલી | ૨૯૮ | ૩૧૯ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૨૧ | ૧૫૧૬ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૨ |
| મગફળી જીણી | ૯૩૧ | ૧૩૬૧ |
| સિંગ ફાડીયા | ૮૫૧ | ૧૪૧૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૧ | ૧૩૮૧ |
| તલ કાળા | ૧૪૦૧ | ૫૩૫૧ |
| તલ લાલ | ૧૮૦૦ | ૨૪૦૧ |
| જીરૂ | ૨૨૦૦ | ૪૧૪૧ |
| કલંજી | ૨૯૫૧ | ૪૬૬૧ |
| વરીયાળી | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ધાણા | ૧૦૫૧ | ૨૦૧૬ |
| લસણ સુકું | ૪૦૧ | ૮૯૧ |
| ડુંગળી લાલ | ૪૬ | ૨૮૧ |
| અડદ | ૯૧૧ | ૧૨૧૧ |
| તુવેર | ૯૭૧ | ૧૨૮૧ |
| મેથી | ૩૭૧ | ૧૦૫૧ |
| કાંગ | ૪૦૦ | ૫૯૧ |
| સુરજમુખી | ૮૫૧ | ૮૭૬ |
| મરચા | ૭૫૧ | ૩૭૦૧ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૩૬૬ |
| સફેદ ચણા | ૧૦૦૧ | ૨૦૩૧ |
| મગફળી ૬૬ | ૧૦૦૦ | ૧૫૧૧ |
| તલ - તલી | ૧૦૫૧ | ૨૨૬૧ |
| ધાણી | ૧૧૫૧ | ૨૦૨૧ |
| ડુંગળી સફેદ | ૮૬ | ૨૩૧ |
| બાજરો | ૩૭૧ | ૪૩૧ |
| જુવાર | ૬૫૦ | ૯૨૧ |
| મકાઇ | ૩૫૧ | ૩૫૧ |
| મગ | ૧૦૭૬ | ૧૫૭૧ |
| ચણા | ૭૭૬ | ૧૦૮૧ |
| વાલ | ૪૬૧ | ૧૩૫૧ |
| ચોળા / ચોળી | ૫૭૬ | ૧૩૭૬ |
| સોયાબીન | ૭૦૧ | ૯૬૧ |
| અજમાં | ૧૪૨૬ | ૧૪૨૬ |
| ગોગળી | ૮૪૧ | ૯૨૧ |
| વટાણા | ૧૦૭૧ | ૧૯૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૮૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૪૦ |
| દુધી | ૪૦ | ૩૬૦ |
| ફ્લાવર | ૫૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૧૦૦ | ૯૦૦ |
| ગાજર | ૧૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| તુવેર | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૬૦૦ | ૧૪૦૦ |
| કેરી કાચી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૩૦૦ | ૪૦૦ |
| અંબાળા | ૪૦૦ | ૫૦૦ |
| લીલી હળદર | ૨૦૦ | ૬૦૦ |
| ડુંગળી પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૩ | ૯ |
| પચકારુ | ૩૦૦ | ૪૦૦ |
| કુકડુંકુંકુ | ૫ | ૧૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૮ |
| બીટ પુરા | ૬ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૭૦૦ |
| કારેલા | ૩૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૨૦૦ |
| ફણશી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૨૦ |
| લસણ પુરા | ૫ | ૯ |
| પાલક પુરા | ૨ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૩૪૦ |
| શિંગ ૬૬ | ૧૨૮૧ | ૧૨૮૧ |
| શીંગ ગીરનાર | ૧૦૦૪ | ૧૩૦૨ |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૩૭૧ |
| શિંગદાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૯૦૦ |
| તલ કાળા | ૨૨૨૫ | ૫૩૪૫ |
| તલ કાશ્મીરી | ૨૧૫૦ | ૨૩૮૦ |
| બાજરો | ૩૭૦ | ૪૯૦ |
| જુવાર | ૩૧૫ | ૧૦૫૬ |
| ઘઉં ટુકડા | ૪૯૫ | ૫૯૨ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૭૧ |
| અડદ | ૯૨૦ | ૧૪૪૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૪૫ |
| સફેદ ચણા | ૯૯૫ | ૧૦૮૫ |
| છોલે ચણા | ૧૩૭૦ | ૧૪૨૦ |
| તુવેર | ૮૪૦ | ૧૨૫૦ |
| કપાસ | ૭૪૧ | ૧૫૪૭ |
| એરંડા | ૧૧૨૨ | ૧૨૭૭ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૦૦ |
| રાય | ૧૭૪૫ | ૧૭૭૫ |
| ધાણા | ૧૫૮૫ | ૧૯૦૦ |
| સોયાબીન | ૬૩૦ | ૮૮૦ |
| કાંગ | ૪૪૦ | ૪૪૦ |
| અજમા | ૧૬૫૦ | ૧૬૫૦ |
| મરચા લાંબા | ૯૫૦ | ૨૭૦૦ |
| રજકાનુ બી | ૭૮૦૦ | ૭૮૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૩૬૦ |
| રીંગણા | ૮૦૦ | ૯૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૫૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૭૦૦ | ૮૫૦ |
| ટમેટા | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૪૫૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| મુળા | ૨૫૦ | ૩૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૫૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| વાલોળ | ૭૦૦ | ૮૫૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| આમળા | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૯૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફોદીનો | ૬૫૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૯૦૦ |
| બીટ | ૩૦૦ | ૪૩૦ |
| તુવેર | ૭૦૦ | ૮૨૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૩૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૮૦ |
| લસણ લીલુ | ૧૦૫૦ | ૧૨૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૫૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૨૫૧ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૩૭૧ |
| તલ સફેદ | ૧૯૫૦ | ૨૩૦૦ |
| તલ કાળા | ૪૬૦૦ | ૫૧૯૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૦૫૧ |
| કપાસ | ૧૦૫૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૬ |
| ઘઉં ટુકડા | ૫૧૫ | ૬૧૪ |
| અડદ | ૮૭૫ | ૧૨૯૫ |
| ચણા | ૮૦૦ | ૧૨૧૦ |
| સોયાબીન | ૬૭૫ | ૮૭૧ |
| જુવાર | ૬૦૦ | ૯૪૮ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૩૧ | ૧૪૬૯ |
| કપાસ કોડી | ૮૯૧ | ૧૧૯૦ |
| મગફળી | ૭૮૫ | ૧૩૨૧ |
| ઘઉં | ૫૦૦ | ૫૩૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| અડદ | ૮૭૫ | ૧૦૭૦ |
| ધાણા | ૧૫૦૦ | ૧૭૫૦ |
| કાળાતલ | ૪૦૧૦ | ૪૫૧૦ |
| કલોંજી | ૩૦૧૦ | ૪૧૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૪ |
| ઘઉં લોકવન | ૪૫૪ | ૫૮૫ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૧૦૪૫ |
| અડદ | ૯૬૦ | ૧૦૪૫ |
| ચણા | ૭૦૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૫૦૦ | ૧૯૫૧ |
| તુવેર | ૯૦૦ | ૯૪૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૫૨ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૫૫ |
| શીંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૦૫ |
| ચણા સફેદ | ૯૮૦ | ૧૦૪૨ |
| રાય | ૧૨૦૦ | ૧૪૦૦ |
| મેથી | ૮૦૦ | ૯૪૫ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૭૪ | ૧૫૫૪ |
| કપાસ સી ગ્રેડ | ૯૬૫ | ૯૬૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૦૦ | ૧૨૮૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૧૬૧ |
| તલ કાળા | ૨૫૦૧ | ૪૧૦૦ |
| કપાસ | ૯૦૦ | ૧૪૬૪ |
| બાજરો | ૩૭૧ | ૪૪૧ |
| ઘઉં ટુકડા | ૫૦૨ | ૫૬૮ |
| જુવાર | ૪૦૦ | ૯૫૧ |
| મગ | ૭૦૦ | ૧૨૫૦ |
| મઠ | ૯૦૦ | ૯૦૦ |
| અડદ | ૧૧૭૧ | ૧૧૭૧ |
| ચણા | ૮૨૫ | ૧૦૫૦ |
| સોયાબીન | ૫૯૯ | ૮૨૫ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૪૨ |
| કપાસ મીડીયમ | ૮૮૦ | ૧૨૨૦ |
| મગફળી | ૧૦૦૯ | ૧૩૨૧ |
| તલ સફેદ | ૧૬૩૦ | ૨૦૮૦ |
| જીરૂ | ૩૩૮૫ | ૪૦૦૫ |
| ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ચણા | ૯૭૫ | ૧૦૯૫ |
| અડદ | ૯૮૦ | ૧૨૧૦ |
| સોયાબીન | ૮૦૫ | ૮૬૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૬૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૫ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૧ |
| અડદ | ૭૫૧ | ૧૩૧૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૪૬ |
| શીંગ ફાડા | ૧૦૦૧ | ૧૧૭૧ |
| સફેદ તલ | ૧૧૦૦ | ૧૯૭૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૦૧ |
| સોયાબીન | ૬૫૧ | ૯૦૬ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૮૨૧ | ૧૩૧૨ |
| શીંગ ૩૯ | ૮૧૧ | ૧૧૭૮ |
| શીંગ ગીરનાર | ૯૧૧ | ૧૩૧૫ |
| શીંગ જી-૨૦ | ૯૪૦ | ૧૩૩૧ |
| જુવાર | ૪૧૦ | ૯૮૧ |
| બાજરી | ૩૪૧ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૫૦૬ | ૬૨૫ |
| અડદ | ૫૩૦ | ૧૫૩૮ |
| મગ | ૭૩૫ | ૨૬૦૦ |
| સોયાબીન | ૮૦૭ | ૮૮૦ |
| ચણા | ૧૦૧૫ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૧૯૦ |
| તલ કાળા | ૨૦૨૨ | ૫૧૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૯૨ |
| ડુંગળી લાલ | ૬૫ | ૨૨૪ |
| ડુંગળી સફેદ | ૧૧૧ | ૨૨૫ |
| કપાસ શંકર | ૮૫૦ | ૧૫૩૩ |
| નાળીયેર | ૩૦૦ | ૨૭૬૦ |
| **કોડીનાર** | | |
| કપાસ ડોળાસા | ૧૧૦૦ | ૧૪૭૬ |
| મગફળી જી-૨૦ | ૯૭૦ | ૧૩૮૮ |
| મગફળી ૩૨ | ૯૫૦ | ૧૩૦૪ |
| બાજરો | ૩૫૫ | ૫૫૯ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૭૪ |
| જુવાર | ૭૫૫ | ૯૧૮ |
| મગ | ૮૫૦ | ૧૭૨૦ |
| ચણા | ૯૨૫ | ૧૦૮૪ |
| તલ | ૧૫૫૧ | ૨૦૪૨ |
| તલ કાળા | ૩૪૫૦ | ૫૨૮૧ |
| સોયાબીન | ૭૭૦ | ૯૪૫ |
| કાંગ | ૪૦૦ | ૪૭૦ |
| **જામનગર** | | |
| બાજરા | ૪૪૫ | ૫૦૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૪૬ |
| મગ | ૧૧૦૦ | ૧૨૯૦ |
| અડદ | ૭૫૫ | ૧૧૯૫ |
| તુવેર | ૧૧૩૫ | ૧૨૭૫ |
| મેથી | ૮૦૦ | ૧૦૭૬ |
| ચોળી | ૧૦૦ | ૩૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૪ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૨૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૩૩૦ |
| મગફળી ૬૬નં. | ૧૦૦૦ | ૧૪૮૦ |
| મગફળી ૯ નં. | ૧૧૦૦ | ૧૬૩૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૩૨ |
| તલ | ૧૦૦૦ | ૨૪૩૫ |
| તલ કાળા | ૫૦૦૦ | ૫૨૦૦ |
| રાયડો | ૯૫૦ | ૧૨૮૦ |
| રાઇ | ૧૧૦૦ | ૧૬૬૦ |
| લસણ | ૫૨૦ | ૧૦૦૫ |
| કપાસ | ૯૦૦ | ૧૫૪૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૯૭૫ |
| અજમો | ૧૨૦૦ | ૩૨૬૫ |
| અજમાની ભુકી | ૩૦ | ૧૮૪૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૮૩૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૮૫ |
| વટાણા | ૯૦૦ | ૧૧૩૦ |
| રાજમા | ૨૫૦ | ૯૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખોડલધામ ટ્રસ્ટ આયોજિત વૈદિક વિવાહમાં આર્થિક સક્ષમ પરિવારે લગ્ન યોજી સમાજને નવો રાહ ચિંધ્યો

રાજકોટ,તા.૦૩



શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડનો વૈદિક વિવાહ રૂપી એક વિચાર આજે સમાજમાં ખરા અર્થમાં સાર્થક થઈ રહ્યો છે. આ વૈદિક વિવાહની પહેલને હવે આર્થિક સક્ષમ પરિવારો પણ અપનાવી રહ્યા છે. જેમાં ૨ ડિસેમ્બરે બંને સરકારી અધિકારીઓએ પ્રભુતામાં પગલાં પાડી લગ્નજીવનનો શુભારંભ કર્યો હતો અને સમાજના અન્ય લોકોને પણ પ્રેરણા પૂરી પાડી હતી. વરરાજા રવિભાઈ રમણીકભાઈ રામાણી કે જેઓ સુરેન્દ્રનગરના રતનપરના વતની છે અને હાલ અમરેલી ખાતે એકાઉન્ટ ઓફિસર (ક્લાસ-૨) તરીકે ફરજ બજાવે છે જ્યારે કન્યા કિંજલબેન નાગજીભાઈ સાંગાણી કે જેઓ ગોંડલના નાના મહિકા ગામના વતની છે અને ગાંધીનગરમાં ડેપ્યુટી સેક્શન ઓફિસર (DySo) (સુપર ક્લાસ-૩) તરીકે ફરજ બજાવે છે. બન્ને પરિવારો આર્થિક રીતે સક્ષમ હોવા છતાં બન્નેના પરિવારે શ્રી ખોડલધામ આયોજિત વૈદિક વિવાહમાં સાદગીપૂર્ણ રીતે લગ્ન કરવાનો સરાહનીય નિર્ણય લીધો હતો. આ પ્રસંગે ટ્રસ્ટી અને ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે, લગ્ન પ્રસંગોમાં ખોટી હરિફાઈ ન થાય અને બિનજરૂરી ખર્ચાઓ ન થાય તે માટે નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટ દ્વારા વૈદિક વિવાહનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વિધિ કરનાર શાસ્ત્રી હિતેષભાઈ દવેએ જણાવ્યું હતું કે, આ કળીયુગમાં વિવાહ સંસ્કાર માત્ર આડંબર સ્વરૂપે જીવિત રહ્યો છે. જેના પરિણામે આપણે સમાજમાં શ્રેષ્ઠ નાગરિક શોધવા નીકળવું પડે છે. જો સંસ્કૃતિ પ્રમાણે વિવાહ સંસ્કાર પૂર્ણ કરવામાં આવે તો દામ્પત્ય જીવનમાં યશ, વિજય, માન-પાન, પદ, પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થાય છે. જેના ભાગરૂપે ટ્રસ્ટ દ્વારા વૈદિક વિવાહનું આયોજન કરાઈ રહ્યું છે.

મહત્વનું છે કે, રાજકોટ શહેરના શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત શ્રી ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે દિવસમાં ચાર વૈદિક વિવાહનું આયોજન થઈ શકે તે પ્રકારની વ્યવસ્થા છે. વૈદિક વિવાહ પ્રસંગમાં વર અને કન્યા પક્ષ તરફથી ૨૫-૨૫ લોકો ઉપસ્થિત રહી શકે છે અને સાદગીપૂર્ણ રીતે વિવાહ પ્રસંગ યોજાય છે. વૈદિક વિવાહમાં કોઈપણ જ્ઞાતિના લોકો જોડાઈ શકે છે. વૈદિક વિવાહ માટે અગાઉથી બુકિંગ કરાવવું અનિવાર્ય છે.

# ઉનાના નવાબંદરના ફરાર આરોપીને જાફરાબાદમાંથી ઝડપી પાડતી પોલીસ

ઉના,તા.૦૩



ગીર સોમનાથ પોલીસે ભરણપોષણ કેસમાં છેલ્લા દોઢ માસથી ફરાર આરોપી નવાઝ અબ્દુલ ચડિયાતાની જાફરાબાદમાંથી ધરપકડ કરી છે. આરોપી ઉના તાલુકાના નવાબંદર, તુરકવાડાનો રહેવાસી છે. કેશોદ ફેમિલી કોર્ટ હેઠળ સજા વોરંટ જારી થયું હોવા છતાં તે હાજર થયો ન હતો. પોલીસ અધિક્ષક દ્વારા નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે ચલાવવામાં આવેલી ડ્રાઈવ અંતર્ગત આ કાર્યવાહી કરવામાં આવી હતી. નવાબંદરના ઈન્ચાર્જ પી.એસ.આઈ. એચ.એલ. જેબલિયાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ જીતેશ દમણિયા અને કનુભાઈ બાંભણિયાને ખાનગી બાતમી મળી હતી. બાતમીના આધારે આરોપી અમરેલી જિલ્લાના જાફરાબાદમાં હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે જાફરાબાદમાં તપાસ હાથ ધરતા, આરોપી સુરેશભાઈ કાનાભાઈ બારીયાના શિવ સાગર દંગામાં મચ્છીની મજૂરી કામ કરતો મળી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉના-ઓખા રૂટની નવી બસને લીલી ઝંડી આપતા ધારાસભ્ય રાઠોડ



ઉના,તા.૦૩

ઉના અને ગીરગઢડા તાલુકાના નાગરિકો માટે ST બસ સુવિધામાં વધારો થયો છે. ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના પ્રયાસોથી ઉના ST બસ સ્ટેન્ડ ખાતેથી ઉના-ઓખા રૂટની નવી બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો. ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે લીલી ઝંડી આપી અને રીબીન કાપી બસને પ્રસ્થાન કરાવ્યું હતું. આ નવી બસ સેવા ખાસ કરીને ઉના તાલુકાના માછીમારો માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે.

# ધોરાજીના ખેડૂતે ડુંગળીના ભાવ ન મળતા ખેતરમાં રોટાવેટર ફેરવી દીધું

ધોરાજી,તા.૦૩

કમોસમી વરસાદ અને પોષણક્ષમ ભાવ ન મળવાને કારણે ખેડૂતોની હાલત બદતર થઈ છે. ધોરાજીના વેગડી ગામ નજીક ખેતર ધરાવતા અશ્વિનભાઈ બાલધાએ છ વીઘા જમીનમાં ડુંગળીનું વાવેતર કર્યું હતું. જે ડુંગળીનો પાક તૈયાર કરી વેચવા જતા મજૂરી જેટલા પૈસા ન મળતા હોવાથી ખેડૂતે ભારે હૈયે પોતાની ડુંગળીના પાક પર રોટવેટર ચલાવી ખેતર સાફ કરી નાખ્યું હતું. અશ્વિનભાઈએ જણાવેલ કે, મોંઘુ બિયારણ, દવાઓ, મજૂરીથી લઈને લાખોનો ખર્ચ કરી દિવસ રાત પરસેવો પાડ્યા પછી જ્યારે ડુંગળીનો પાક તૈયાર થઈ ગયો ત્યારે ડુંગળીના પ્રતિ મણ દીઠ પચાસથી સાંઈઠ રૂપિયા ભાવ મળતો હોવાથી ડુંગળી ઉપાડવાની મજૂરી જેટલા પણ પૈસા ન મળતા હોવાથી તેને વેચવાને બદલે ખેતરમાં ટ્રેક્ટર ફેરવી ખેતર સાફ કરી નાખ્યું હતું. આ મામલે ખેડૂતે વીડિયો બનાવી અને સોશિયલ મીડિયામાં વાયરલ કરી અન્ય ખેડૂતોને પૂરતા ભાવ મળે તે માટે સરકાર વ્યવસ્થા કરે એવી કરી માગણી ઉચ્ચારી હતી.



તસવીર : નયન કુહાડીયા

# અમરેલીમાં આવતીકાલે એપ્રેન્ટીસ ભરતી મેળો

અમરેલી,તા.૦૩

અમરેલી ખાતે એપ્રેન્ટીસ ભરતી મેળા- ૨૦૨૬-૨૭નું તા. ૦૫ ડિસેમ્બરના રોજ આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં સિવિલમાં ડિપ્લોમા કે ડિગ્રી કરનાર ઈજનેર, બી.એ., બી.બી.એ. કે બી.કોમમાં સ્નાતક થયેલા ઉમેદવારો ઉપરાંત આઈ.ટી.આઈ. માં બે વર્ષનો ફીટર, પ્લમ્બર, ડ્રાફ્ટ્સમેન્ટ કે ઈલેક્ટ્રિશિયન અભ્યાસ કરનાર ઉમેદવારો ભાગ લઈ શકશે. એપ્રેન્ટીસ ભરતી મેળો કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ નં.૧, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ લાઠી રોડ, એસ.ટી. ડિવિઝન પાછળ, સરસ્વતી સ્કૂલ સામે અમરેલીની કચેરી ખાતે તા.૫-૧૨- ૨૦૨૫ના રોજ સવારે ૧૦ કલાકે યોજાશે. આ ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ NATS/SKILL INDIA / MSDE /MHRD પોર્ટલ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું ફરજિયાત રહેશે.

# ઉના-ગીરગઢડા રોડ પર સિંહના આંટાફેરાનો વીડિયો વાયરલ

ઉના,તા.૦૩



ગીરગઢડા-ઉના રોડ પર ગત મોડી રાત્રે સિંહ પરિવારની શાહી લટાર જોવા મળી હતી. ઈન્ડિયન પેટ્રોલ પંપ નજીક એકસાથે નવ સિંહોનો પરિવાર રસ્તા પર આંટાફેરા કરતો જોવા મળ્યો હતો.

આ દ્રશ્યો શિયાળાની ઠંડીમાં સુમસામ રોડ પર સિંહપ્રેમીઓ માટે અદ્ભુત અનુભવ હતો. આ ઘટના ગત રાત્રિની છે. સિંહપ્રેમી નદીમભાઈ બ્લોચે તેમના મોબાઈલમાં આ દ્રશ્યો કેદ કર્યા હતા. પેટ્રોલ પંપના સંચાલકે પણ સિંહ પરિવાર નીકળ્યો હોવાની વાતને સમર્થન આપ્યું હતું. બાદમાં સિંહ પરિવાર રોડ પરથી નીચે ઉતરી આગળ નીકળી ગયો હતો. આ વિસ્તાર સિંહોનો વસવાટ ધરાવતો હોવાથી અહીં સિંહોનું દેખાવું સામાન્ય છે. જોકે, સિંહ પરિવારની આ લટાર દરમિયાન વન વિભાગના કર્મચારીઓ ક્યાંય જોવા મળ્યા ન હતા. આ વિસ્તારમાં વન વિભાગ દ્વારા નિયમિત રાત્રિ પેટ્રોલિંગની માંગ અનેક વખત ઉઠી છે.

## શ્રી ચાડીયા ગ્રામ પંચાયત, તા.જીઃ-અમરેલી

## જાહેર હરરાજી

આથી રસ ધરાવતા ઈસમોને જાહેર નિવેદન કરવામાં આવે છે કે ચાડીયા ગ્રામ પંચાયતના જર્જરીત કોમ્યુનિટી હોલની જાહેર હરરાજી આગામી તા.૧૦/૧૨/૨૦૨૫ને બુધવારના રોજ બપોરના ૧:૦૦ થી ૩:૦૦ કલાકે ગ્રામ પંચાયત, ચાડીયા સ્થળે રાખેલ છે. તો રસ ધરાવતા ઈસમોએ શરતોને આધિન સ્વખર્ચે હરરાજીમાં ભાગ લેવા જાહેરાત કરવામાં આવે છે. આ ઈમલાની અપસેટ કિંમત રૂા.૧૦,૦૦૦/- (દસ હજાર) રાખેલ છે. તેમજ હરરાજીમાં બોલી બોલનારે રૂા.૧૦૦૦/- ડિપોઝીટની રકમ ભરવાની રહેશે અને વર્ક ઓર્ડર મેળવનારે હરરાજીની ૧૦૦ ટકા રકમ સ્થળ પર જમા કરાવવાની રહેશે તથા શરતો અને નિયમો સ્થળ ઉપર રૂબરૂ સંભળાવવામાં આવશે.

**સ્થળ : ચાડીયા, તા.જી.અમરેલી**

**હરરાજી તારીખ :- ૧૦/૧૨/૨૦૨૫**

**સરપંચશ્રી** — **ગ્રામ પંચાયત ચાડીયા**

**તલાટી કમ મંત્રી** — **ગ્રામ પંચાયત ચાડીયા**

## અમરેલી જિલ્લાના અમરેલીના અમરેલી ગામે આવેલ સીટી સર્વે નંબર ૩૫૧ પૈકી શીટ નં. ૨૭ ની કુલ ૪૧૮-૦૬-૫૦ ચો. મી. થાય છે તે મીલકત સંબધે જાહેર નોટીસ

આથી અમો એડવોકેટ અજય જે. રાઠોડ, એડવોકેટ, રહે. અમરેલીવાળા તે અમોને મળેલ માહીતી અને સુચના મુજબ જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવીએ છીએ કે, અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામના સુધરાઈ હદમાં આવેલ ગોપી ટોકીઝ પાસેની સીટી સર્વ નંબર ૩૫૧ પૈકી, શીટનં. ૨૭ ની કુલ ૪૧૮-૦૬-૫૦ ચો. મી. વાળી છે તે મિલકત ભરતકુમાર હરીલાલ મહેતા, રહે. અમરેલીવાળાની માલીકી કબજા ભોગવટાની આવેલી છે, અને તેઓ ધારણકર્તા અને સ્વતંત્ર માલીક છે. જેઓએ આ મીલકત હાલ વેચાણ કરવાની કાર્યવાહી શરૂ કરેલ છે.

તો ઉપરોકત મીલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિત કે કોઈ નાણાકીય સસ્થા કે સરકારી, સહકારી, કે અર્ધસરકારી - અર્ધ સહકારી સંસ્થાનુ હકક-હીત સમાયેલ હોય કે ઉપરોકત મીલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવે તો,અથવા કોઈ ઈસમ / વ્યકિતનો લાગ ભાગ, હક, હીસ્સો હોય તો આ બાબતે જાહેર જનતાને જણાવવાનુ કે, ઉપરોકત મીલકતની માલીકી બાબતે ના ટાઈટલ બાબતે કે સદર મીલકત બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબંધ હોય તો તેવા હકક- હીત-સંબંધ અમારી પાસે દિન - ૫ ની અંદર અમારા નીચે જણાવેલ સરનામે રજુ કરશો. આ ઉપરાંત આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૫ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર અને ચોખ્ખી છે તેવુ માની લેવામાં આવશે અને માનવાને કારણ રહેશે, ત્યારબાદ આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણનો વાંધો વચકો ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૪/૧૨/૨૦૨૫
અમરેલી.

અજય જે. રાઠોડ
એડવોકેટ
જુના માર્કટયાર્ડ, પહેલા માળે
હરીરામ હોલસેલ માર્કેટ,
કોગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી.
મો. નં.૯૮૨૪૯ ૩૦૩૧૬

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૧૦૭/૨૦૨૫

શ્રી ગોબરભાઈ કમાભાઈ પરમાર
રહે.સનાળીયા તા.લીલીયા જી.અમરેલી
........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, સનાળીયા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી ગોબરભાઈ કમાભાઈ પરમારના પોતાનો જન્મ તા.૧૫/૦૬/૧૯૬૯ના રોજ સાજણટીંબા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૧૯/૨૦૨૫

અરજદાર :- શ્રી કનુભાઈ મોહનભાઈ ઠુંમર
રહે. મોટા આંકડિયા, તા.જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. મોટા આંકડિયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા આંકડિયા ગામમાં અરજદારશ્રી કનુભાઈ મોહનભાઈ ઠુંમર તેઓના પુત્ર ભાવિનભાઈ કનુભાઈ ઠુંમરની જન્મ (તા.૧૦/૦૪/૧૯૮૭) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૦૩/૨૦૨૫

અરજદાર :- શ્રી પાટડિયા ઉકાભાઈ ખોડાભાઈ
રહે. રાજસ્થળી, તા.જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. રાજસ્થળી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના રાજસ્થળી ગામમાં અરજદારશ્રી પાટડિયા ઉકાભાઈ ખોડાભાઈ તેઓના બેન શારદાબેન બીજલભાઈ પાટડીયાની જન્મ (તા.૦૧/૦૭/૧૯૬૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૦૪/૨૦૨૫

અરજદાર :- શ્રી રૂપેશભાઈ પ્રાગજીભાઈ ભંડેરી
રહે. ૩૭,સત્યનારાયણ સોસા. મૂર્ધા કેન્દ્ર પાસે પૂણા ગામ,
સુરત સિટી બોમ્બે માર્કેટ, તા.જિ. સુરત

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. ચાડિયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચાડિયા ગામમાં રૂપેશભાઈ પ્રાગજીભાઈ ભંડેરી તેઓના ભત્રીજા રસીકલાલ પ્રાગજીભાઈ ભંડેરીની જન્મ (તા.૦૨/૦૭/૧૯૬૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.142/2025

પ્રતિ
શ્રી જીણાભાઈ લખમણભાઈ સાંખટ
રહે. જુના ઉગલા, ગામ-જુના ઉગલા, તા.ગીરગઢડા
જિલ્લા-ગીર સોમનાથ .......અરજદાર
વકીલશ્રી પી.જી.સોસા ગીરગઢડા

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ )અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, જુના ઉગલા, તાલુકો- ગીરગઢડા,
જિલ્લો.ગીર સોમનાથ .........સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના જુના ઉગલા ગામના રહીશ જીણાભાઈ લખમણભાઈ સાંખટ તથા દયાબેન જીણાભાઈ સાંખટના પુત્રી સંજુકાબેન જીણાભાઈ સાંખટનો જન્મ તારીખ 05/01/2014ના રોજ ગીરગઢડા તાલુકાના જુના ઉગલા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, જુના ઉગલા, તાલુકો-ગીરગઢડા સને-2014ના જન્મ રજીસ્ટરે લખવાની સહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૨૬/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૬/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહિ
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૧૦૬/૨૦૨૫

શ્રી ધોરાજીયા કાંતાબેન બાવભાઈ ઉર્ફે બાવચંદભાઈ
રહે.સાજણટીંબા તા.લીલીયા જી.અમરેલી
........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, સાજણટીંબા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી ધોરાજીયા કાંતાબેન બાવભાઈના પુત્રના પ્રવિણભાઈ બાચંદભાઈ ધોરાજીયાનો જન્મ તા.૦૨/૦૬/૧૯૭૬ના રોજ સાજણટીંબા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૧૦૧/૨૦૨૫

શ્રી નરેશભાઈ કનુભાઈ સાવલીયા
રે. કે-૪૦૧, સ્વર્ગ રેસીડેન્સી, ઓપેરા પામની બાજુમાં,
પાસોદરા, ખેલવાડરોડ, સુરત-૩૯૪૧૯૦ ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, કુંતાણા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી નરેશભાઈ કનુભાઈ સાવલીયાના પોતાનો જન્મ તા.૧૪/૧૨/૧૯૬૬ના રોજ હરિપર મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૧૬/૨૦૨૫

અરજદાર :- શ્રી મંગાભાઈ લખમણભાઈ બગડા
રહે. અડતાળા, તા.લાઠી, જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. દહીડા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના દહીડા ગામમાં મંગાભાઈ લખમણભાઈ બગડા તેઓના પત્ની ભાનુબેન મંગાભાઈ બગડાની મરણ (તા.૧૭/૦૭/૨૦૦૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.


સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

# પટનામાં લાલુ અને રાબડીની નવી બનતી હવેલી બાબતે ઈડી તપાસ કરવા એનડીએની માંગ

પટણા,તા.૦૩

બિહારમાં વિધાનસભા ચૂંટણી પછી, લાલુ પ્રસાદ યાદવ અને રાબડી દેવી ફરી એકવાર સમાચારમાં છે. આ વખતે, ચર્ચાનું કારણ તેમની વૈભવી હવેલી છે. રાજધાની પટનાના મહુઆબાગ વિસ્તારમાં લાલુનું નવું વૈભવી ઘર લગભગ તૈયાર છે. પરંતુ તેઓ આ હવેલીમાં રહેવા જાય તે પહેલાં જ, લાલુ અને તેમના પરિવારને નવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, કારણ કે બિહારની **NDA** સરકારે પરિવારની સંપત્તિની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) તપાસની માંગ કરી છે.

રાષ્ટ્રીય જનતા દળના વડા લાલુ યાદવના પટનામાં નવા, ભવ્ય નિવાસસ્થાન પર કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમની નવી હવેલી લગભગ ૧૦ એકર જમીન પર બનાવવામાં આવી રહી છે. આ બે માળની




હવેલીમાં ૧૦ મોટા રૂમ અને ગ્રાઉન્ડ ફ્લોર પર એક મોટો હોલ છે. આ એલ-એસએપી જમીનનો પહેલો ભાગ ખાલી રાખવામાં આવ્યો છે.

નીતીશ કુમારના નેતૃત્વ હેઠળની નવી સરકારે સત્તામાં આવતાની સાથે જ ભૂતપૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીને ૧૦ સર્ક્યુલર રોડ ખાતેનું તેમનું સત્તાવાર નિવાસસ્થાન ખાલી કરવાનો આદેશ આપ્યો. આ પછી, એવું માનવામાં આવે છે કે લાલુ યાદવ અને તેમની પત્ની રાબડી દેવી સરકારી નિવાસસ્થાન છોડીને આ નવા ઘરમાં રહેવાની તૈયારી કરી રહ્યા છે.

# રાષ્ટ્રપતિ પુતિન આજે ભારતમાં : વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે

નવીદિલ્હી,તા.૦૩

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ૪ અને ૫ ડિસેમ્બરે ભારતની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન, પુતિન ૨૩મા ભારત-રશિયા વાર્ષિક સમિટમાં ભાગ લેશે. તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે. પુતિનના આગમન માટે તમામ તૈયારીઓ કરવામાં આવી છે. વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. રાજધાની દિલ્હીને કિલ્લામાં રૂપાંતરિત કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રશિયન રાષ્ટ્રપતિ પુતિન ગુપ્તતાના આશ્રય હેઠળ રહેશે. તેમના રક્ષણ માટે પાંચ સ્તરીય, અભેદ્ય સુરક્ષા વર્તુળ સ્થાપિત કરવામાં આવ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પુતિનના સુરક્ષા રક્ષકો પ્રથમ સ્તરમાં તૈનાત કરવામાં આવશે. પુતિનના સુરક્ષા વર્તુળમાં એસપીજી અને એનએસજી ત્યારે જ હાજર રહેશે જ્યારે વડાપ્રધાન



મોદી અને પુતિન સાથે હશે. રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાત અંગે દિલ્હીમાં ઘણો ઉત્સાહ છે. આ માત્ર એક ઔપચારિક મુલાકાત નથી, પરંતુ બંને દેશો વચ્ચે બદલાતા સમીકરણો, વધતા વેપાર અને વ્યૂહાત્મક સંબંધોને આકાર આપવા માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે. વિદેશ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ મુલાકાત દરમિયાન અનેક મોટા નિર્ણયો લેવામાં આવી શકે છે, જેમાં કામદારોની ગતિશીલતાથી લઈને ઉર્જા, સંરક્ષણ સહયોગ, વેપાર ખાધ અને નવી રાજદ્વારી પહેલનો સમાવેશ થાય છે.

# બિહારના રાજ્યપાલે નવી સરકારની આગામી યોજનાઓની રૂપરેખા આપી

પટણા,તા.૦૩

આજે ૧૮મી વિધાનસભાના શિયાળુ સત્રના ત્રીજો દિવસે રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાને આજે પોતાનું ભાષણ આપ્યું. તેમણે બિહાર વિધાનસભાના બંને ગૃહોને સંયુક્ત રીતે સંબોધિત કર્યા. જોકે, ભાષણ શરૂ થયાના થોડા સમય પછી, સાઉન્ડ સિસ્ટમ થોડીવાર માટે ખરાબ થઈ ગઈ, જેના કારણે તેમનો અવાજ અસ્પષ્ટ થઈ ગયો. ત્યારબાદ ટેકનિકલ ટીમે સમસ્યાનું નિરાકરણ કર્યું. રાજ્યપાલે નવી સરકારની આગામી યોજનાઓ અને નીતિઓની રૂપરેખા આપી. તેમણે કહ્યું, "હું બિહાર વિધાનસભાના બંને ગૃહોના સંયુક્ત સત્રમાં આપ સૌનું સ્વાગત કરું છું અને મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. હું રાજ્યની સમૃદ્ધિ અને બહુપક્ષીય વિકાસની કામના કરું છું. હું વિધાનસભાના તમામ નવા ચૂંટાયેલા સભ્યોને પણ અભિનંદન આપું છું. મને વિશ્વાસ છે કે નવી રચાયેલી બિહાર વિધાનસભાનો કાર્યકાળ બિહારના વિકાસમાં અને દરેક નાગરિકને સમૃદ્ધિ લાવવામાં રચનાત્મક ભૂમિકા ભજવશે."

# ભગવાન કૃષ્ણનું જન્મ સ્થળ તથા શિવ સાથે સંકળાયેલ જ્ઞાનવાપી બન્ને હિન્દુઓને સોંપી દેવા જોઈએ : કેકે મુહમ્મદ

કોઝિકોડ,તા.૦૩

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઇ) ના ભૂતપૂર્વ પ્રાદેશિક નિયામક, કેકે મુહમ્મદે ફરી એકવાર એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે અયોધ્યા પછી, મુસ્લિમ સમુદાયે મથુરા અને જ્ઞાનવાપી (કાશી વિશ્વનાથ) પણ હિન્દુઓને સોંપી દેવા જોઈએ. તેમણે કહ્યું કે આ બે સ્થળો હિન્દુઓ માટે એટલા જ પવિત્ર છે જેટલા મક્કા અને મદીના મુસ્લિમોને છે. તેમણે કહ્યું કે ભારત આજે એક ધર્મનિરપેક્ષ દેશ છે કારણ કે અહીં હિન્દુઓ બહુમતીમાં છે, અને જો મુસ્લિમો બહુમતીમાં હોત તો આવું ન હોત. કેકે મુહમ્મદે કહ્યું, "મેં અગાઉ કહ્યું હતું કે મુસ્લિમોએ બે અન્ય ઐતિહાસિક સ્થળો છોડી દેવા જોઈએ. આ મથુરા છે, જ્યાં ભગવાન કૃષ્ણનો જન્મ થયો હતો, અને જ્ઞાનવાપી, જે ભગવાન



શિવ સાથે સંકળાયેલ છે. આ બંને સ્થળોએ ભવ્ય હિન્દુ મંદિરો બનાવવા જોઈએ." આ સ્થળો હિન્દુઓ માટે એટલા જ મહત્વપૂર્ણ છે જેટલા મુસ્લિમો માટે મક્કા અને મદીના છે. મુસ્લિમ સમુદાયે સમજવું જોઈએ કે પાકિસ્તાનની રચના છતાં, ભારત આજે ફક્ત તેની હિન્દુ બહુમતી હોવાને કારણે એક ધર્મનિરપેક્ષ દેશ છે. જો તે મુસ્લિમ બહુમતી ધરાવતો દેશ હોત, તો તે ક્યારેય ધર્મનિરપેક્ષ ન હોત. તેથી, મુસ્લિમ પક્ષ તરફથી કેટલીક ઉદાર લાગણીઓ બહાર આવવી જોઈએ.

# મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ હિન્દુ દેવતાઓ પર વિવાસ્પદ નિવેદન આપતા ભાજપમાં રોષ

હૈદરાબાદ,તા.૦૩

તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે જેનાથી ભાજપ ગુસ્સે થયો છે. હિન્દુ ધર્મમાં દેવતાઓ અંગે કોંગ્રેસના કાર્યક્રમમાં રેવંત રેડ્ડીએ જે કહ્યું તેનાથી ભાજપ અને વિશ્વ હિન્દુ પરિષદ ગુસ્સે થયા છે. ભાજપ રેવંત રેડ્ડી સામે વિરોધ પ્રદર્શન કરવા જઈ રહી છે, ત્યારે વિશ્વ હિન્દુ પરિષદે પણ મુખ્યમંત્રી પાસેથી બિનશરતી માફી માંગી છે. ભાજપના ભૂતપૂર્વ નેતા અને વર્તમાન ધારાસભ્ય રાજા સિંહે પૂછ્યું છે કે શું રેવંત રેડ્ડીએ ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો છે? તેલંગાણા પ્રદેશ કોંગ્રેસ સમિતિની એક મોટી બેઠક ગાંધી ભવન ખાતે યોજાઈ હતી. આ દરમિયાન, મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ કહ્યું, "હિન્દુઓ કેટલા દેવતાઓમાં માને છે? શું ત્રણ કરોડ છે? આટલા બધા કેમ છે? કુંવારા લોકો માટે એક દેવ છે... હનુમાન. બે વાર લગ્ન કરનારાઓ માટે બીજો દેવ છે, અને દારૂ પીનારાઓ માટે એક અલગ દેવ છે.

# ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું વધ્યું લઘુત્તમ તાપમાન એક અંકમાં રહ્યું

નવીદિલ્હી,તા.૦૩

ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું વધ્યું છે. દિલ્હી-એનસીઆર, યુપી અને બિહારમાં તીવ્ર ઠંડી શરૂ થઈ ગઈ છે. હવામાન વિભાગ અનુસાર, હાલમાં રાજધાની દિલ્હીમાં વરસાદની કોઈ શક્યતા નથી, પરંતુ આગામી દિવસોમાં દિલ્હીમાં તાપમાનમાં તીવ્ર ઘટાડો થઈ શકે છે. આજે પણ લઘુત્તમ તાપમાન એક અંકમાં રહી શકે છે. આઈએમડીએ ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે. ઉત્તરાખંડમાં પણ બરફવર્ષા થવાની સંભાવના છે. કાનપુર, આગ્રા અને ઈટાવા સહિત ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં તીવ્ર ઠંડી ચાલુ છે. ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં ઉત્તર પ્રદેશના હવામાનમાં મોટો ફેરફાર થયો છે. દિવસો ધુમ્મસથી શરૂ થઈ



રહ્યા છે. સવાર અને રાત ઠંડીથી ભરાઈ રહી છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં ઠંડીની તીવ્રતા વધી શકે છે. બિહારમાં ઠંડીએ શરૂઆતના તબક્કામાં રેકોર્ડ તોડી નાખ્યા છે. રાજ્યના ૨૩ જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું છે, જેમાં પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ, સીતામઢી, શિવહર, મુઝફ્ફરપુર, મધુબની, દરભંગા, સમસ્તીપુર, સુપૌલ, અરરિયા, કિશનગંજ, પૂર્ણિયા અને જમુઈનો સમાવેશ થાય છે. દૃશ્યતા ૫૦૦ મીટર સુધી ઘટી ગઈ છે.

# મુખ્યમંત્રી યોગીએ ૧૭ મ્યુનિસિપલ સંસ્થાઓને રોહિંગ્યા બાંગ્લાદેશીઓની યાદી તૈયાર કરવા નિર્દેશ આપ્યો

લખનૌ,તા.૦૩

ઉત્તર પ્રદેશમાં રહેતા બાંગ્લાદેશી રોહિંગ્યા ઘૂસણખોરો હવે મુશ્કેલીમાં છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૧૭ મ્યુનિસિપલ સંસ્થાઓને તેમના મ્યુનિસિપલ વિસ્તારોમાં રહેતા રોહિંગ્યા બાંગ્લાદેશીઓની યાદી તૈયાર કરવા નિર્દેશ આપ્યો છે. આ યાદી કમિશનર અને ઈન્સ્પેક્ટર જનરલને સુપરત કરવી જોઈએ. આ પછી, પોલીસ વહીવટીતંત્ર કાનૂની કાર્યવાહી કરવાનું શરૂ કરશે.

અહેવાલ મુજબ, ઉત્તર પ્રદેશમાં બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરો સામે એક મોટી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. સીએમ યોગીએ ઉત્તર પ્રદેશના દરેક વિભાગમાં ડિટેન્શન સેન્ટર સ્થાપવાનો નિર્દેશ આપ્યો છે. કમિશનરો



અને નિરીક્ષકોને પ્રથમ તબક્કામાં ડિટેન્શન સેન્ટર સ્થાપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ઘૂસણખોરોની ઓળખ થતાં જ તેમને ડિટેન્શન સેન્ટરમાં મૂકવામાં આવશે.

સીએમ યોગીના નિર્દેશ બાદ વહીવટી સ્ટાફ કાર્યવાહીમાં લાગી ગયો છે. તમામ જિલ્લાઓમાં સ્થાનિક વહીવટીતંત્ર, પોલીસ અને ગુપ્તચર એજન્સીઓએ રોહિંગ્યા બાંગ્લાદેશીઓને ઓળખવાનું શરૂ કરી દીધું છે. ડિટેન્શન સેન્ટર માટે યોગ્ય સ્થળોની શોધ ચાલી રહી છે.

# બિહાર વિધાનસભામાં નીતિશ કુમારે ગૃહના તથા તેજસ્વીએ વિરોધ પક્ષના નેતાના શપથ લીધા

પટણા,તા.૦૩

નીતિશ કુમારને બિહાર વિધાનસભામાં ગૃહના નેતા જાહેર કરવામાં આવ્યા છે, જ્યારે તેજસ્વી યાદવને વિરોધ પક્ષના નેતા જાહેર કરવામાં આવ્યા છે. જોકે, તેજસ્વી યાદવ આજે ગૃહમાં હાજર નહોતા. તેઓ મંગળવારે દિલ્હી જવા રવાના થયા હતા. ગૃહમાં તેમની ગેરહાજરી પણ ચર્ચાનો વિષય રહ્યો. બિહારમાં



૧૮મી વિધાનસભાનું પ્રથમ સત્ર તાજેતરમાં શરૂ થયું. આ પ્રસંગે તમામ ધારાસભ્યોએ શપથ લીધા અને વિધાનસભાના અધ્યક્ષની પણ પસંદગી કરવામાં આવી. મંગળવારે, ભાજપના વરિષ્ઠ નેતા પ્રેમ કુમારને સર્વાનુમતે વિધાનસભાના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા. તેજસ્વી યાદવે પણ આ પ્રસંગે નિવેદન આપ્યું. તેજસ્વીએ આશા વ્યક્ત કરી કે વિધાનસભાના નવા અધ્યક્ષ પ્રેમ કુમાર ગૃહમાં શાસક પક્ષ અને વિપક્ષ બંનેને સમાન તકો પૂરી પાડશે.

# પુતિનની મુલાકાત પૂર્વે રશિયન સંસદે ભારત સાથે એક મહત્વપૂર્ણ લશ્કરી કરારને મંજૂરી આપી

મોસ્કો,તા.૦૩

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ૪-૫ ડિસેમ્બરે ભારતની મુલાકાતે આવવાના છે. પુતિનની ભારતની મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધો માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પુતિનની મુલાકાત પહેલા, રશિયન સંસદના નીચલા ગૃહ, ડુમાએ ભારત સાથે એક મહત્વપૂર્ણ લશ્કરી કરારને મંજૂરી આપી છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં બંને સરકારોએ લશ્કરી સાધનોના ૫૧૨૨૫૧૨ વિનિમય પર કરાર પર હસ્તાક્ષર કર્યા પછી આ મંજૂરી આપવામાં આવી છે. ગયા અઠવાડિયે, રશિયન વડાપ્રધાન મિખાઈલ મિશુસ્ટિને લશ્કરી કરારને મંજૂરી માટે ડુમાને મોકલ્યો હતો. રશિયન સંસદના નીચલા ગૃહ, ડુમાના અધ્યક્ષ, વ્યાચેસ્લાવ વોલોડિને એક પૂર્ણ સત્રમાં કહ્યું, "ભારત સાથેના અમારા સંબંધો વ્યૂહાત્મક અને વ્યાપક છે.

# સુપ્રીમ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો : છૂટાછેડા બાદ મુસ્લિમ મહિલાઓને દહેજ પરત લેવાનો અધિકાર

નવીદિલ્હી,તા.૦૩

સુપ્રીમ કોર્ટે છૂટાછેડા લીધેલી મુસ્લિમ મહિલાઓ અંગે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો, જેમાં જણાવ્યું કે છૂટાછેડા લીધેલી મુસ્લિમ મહિલા લગ્ન સમયે તેના માતાપિતા દ્વારા તેના અથવા તેના પતિને આપવામાં આવેલી રોકડ, સોનું અને અન્ય વસ્તુઓ પરત મેળવવા માટે કાયદેસર રીતે હકદાર



છે. કોર્ટે એમ પણ કહ્યું કે આવી વસ્તુઓને સ્ત્રીની મિલકત ગણવી જોઈએ અને લગ્ન સમાપ્ત થાય ત્યારે, એટલે કે છૂટાછેડા પછી, તેને પરત કરવી જોઈએ. જસ્ટિસ સંજય કરોલ અને એન. કોટિશવર સિંહની બેન્ચે જણાવ્યું હતું કે મુસ્લિમ મહિલા (છૂટાછેડા પર અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ ની જોગવાઈઓનું અર્થઘટન સમાનતા અને સ્વાયત્તતાના બંધારણીય વચનને પૂર્ણ કરવા માટે કરવું જોઈએ.

# બીજી વન-ડેમાં સાઉથ આફ્રિકાએ ભારતને ચાર વિકેટે હરાવ્યું

રાયપુર, તા.૦૩

રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ સ્ટેડિયમમાં રમાયેલી બીજી વન-ડેમાં ભારતે સાઉથ આફ્રિકાને જીતવા માટે ૩૫૯ રનનો વિશાળ ટાર્ગેટ આપ્યો હતો. ભારત તરફથી વિરાટ કોહલી (૧૦૨ રન) એ સતત બીજી સદી ફટકારી, જ્યારે ઋતુરાજ ગાયકવાડ (૧૦૫ રન)એ પોતાની વન-ડે કારકિર્દીની પ્રથમ સદી નોંધાવી હતી. અંતમાં, કેપ્ટન કેએલ



રાહુલ (૬૬ અણનમ) અને રવીન્દ્ર જાડેજા (૨૪ અણનમ)ની અડધી સદીની પાર્ટનરશિપે સ્કોર ૫ વિકેટે ૩૫૮ રન સુધી પહોંચાડ્યો હતો. સાઉથ આફ્રિકાના એડન માર્કરમ (૧૧૦ રન), મેથ્યુ બ્રીટ્ઝકી (૬૮ રન) અને ડેવાલ્ડ બ્રેવિસ (૫૪ રન)એ આક્રમક બેટિંગ કરી હતી. જોકે, પ્રસિદ્ધ ક્રિષ્ના (૨), અર્શદીપ સિંહ (૨), કુલદીપ યાદવ (૧) અને હર્ષિત રાણા (૧)એ વિકેટો લઈને ભારતને મેચમાં જાળવી રાખ્યું હતુ. ટોની ડી ઝોર્ઝી હેમસ્ટ્રિંગની ઈજાને કારણે રિટાયર્ટ હર્ટ થયો હતો. અંતમાં છેલ્લી ઓવરમાં સાઉથ આફ્રિકાએ ભારતને ચાર વિકેટે હરાવ્યું હતું.

# યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે રશિયા અને અમેરિકા વચ્ચેની વાટાઘાટો ફળદાયી

મોસ્કો,તા.૦૩

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના વરિષ્ઠ સલાહકાર યુરી ઉષાકોવે જણાવ્યું હતું કે યુક્રેનમાં લગભગ ચાર વર્ષના યુદ્ધને સમાપ્ત કરવા માટે રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેની વાટાઘાટો ફળદાયી રહી છે, પરંતુ ઘણું કામ બાકી છે. પુતિને ક્રેમલિનમાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ દૂત, સ્ટીવ વિટકોફ અને તેમના જમાઈ, જેરેડ કુશનર સાથે મુલાકાત કરી.

ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા શાંતિ કરાર સુધી પહોંચવાના નવેસરથી પ્રયાસોના ભાગ રૂપે મંગળવારે મોડી રાત્રે અમેરિકા અને રશિયા વચ્ચે વાતચીત શરૂ થઈ. બંને પક્ષો વાટાઘાટોના મુખ્ય મુદ્દાઓ જાહેર ન કરવા સંમત થયા છે. ઉષાકોવે પાંચ કલાકની વાતચીતને "ખૂબ જ ઉપયોગી, રચનાત્મક અને નક્કર" ગણાવી અને કહ્યું કે શાંતિ પ્રસ્તાવના માળખા પર ચર્ચા થઈ છે.

યુરી ઉષાકોવે એમ પણ કહ્યું કે "અત્યાર સુધી, પ્રદેશોના મુદ્દા



પર કોઈ કરાર થયો નથી." તેમણે ઉમેર્યું, "અમેરિકાના કેટલાક પ્રસ્તાવો કંઈક અંશે સ્વીકાર્ય લાગે છે, પરંતુ તેમના પર ચર્ચા કરવાની જરૂર છે. અમને સૂચવેલા કેટલાક શબ્દો અમને અનુકૂળ નથી. તેથી, કામ ચાલુ રહેશે." મતભેદના અન્ય મુદ્દાઓ પણ હતા, જોકે ઉષાકોવે વધુ વિગતો આપી ન હતી.

એ નોંધવું જોઈએ કે ગયા મહિને જાહેર કરાયેલ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની શાંતિ યોજના મોસ્કોના પક્ષમાં હોવાનું કહેવાય છે. આ પ્રસ્તાવને કિવ દ્વારા નકારી કાઢવામાં આવ્યો હતો. પ્રસ્તાવમાં ડોનબાસના સમગ્ર પૂર્વીય યુક્રેનિયન ક્ષેત્રને રશિયાને સોંપવા અને નાટોમાં જોડાવા જેવી શરતોનો સમાવેશ થતો હતો.

**અમરેલી શહેર સહિત જિલ્લાના મોટાભાગના શહેરોની આવી સ્થિતિ માટે જવાબદાર કોણ?**

# "અમરેલીમાં દીકરાઓનો સંબંધ થતો નથી" ડો.કાનાબારનું આંખ ઉઘાડનારૂ ટ્વીટ

**સારા ધંધા-રોજગાર ચાલતા હોવા છતાં લોકો અમરેલી છોડી અન્ય શહેરમાં સ્થળાંતર કરી રહ્યા છે**

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લા પૂર્વ ભાજપ પ્રમુખ ડો. ભરત કાનાબારે દીકરાઓના સંબંધ બાબતે સૂચક નિવેદન કરતા શહેરની ઔદ્યોગિક સ્થિતિ વિશે માર્મિક ટકોર કરી હતી. અમરેલી શહેરમાં પરણવા લાયક દીકરાઓ થાય એટલે માતા-પિતા અને વડીલો દ્વારા કન્યાઓની શોધ શરૂ કરવામાં આવે છે પરંતુ અમરેલીમાં રહેતા હોવાથી દીકરાઓના સંબંધ થતા નથી તેવું ટ્વીટ ભાજપ નેતા ડો.ભરત કાનાબારે કર્યુ છે. ટ્વીટમાં ભાજપ નેતા ડો.કાનાબારે લખ્યું છે કે, અમરેલીમાં રહેતા મારા એક સંબંધી મળવા માટે આવ્યા ત્યારે તેમણે જણાવેલ કે મારે દુકાન વેચવાની છે દુકાન સારી ચાલે છે




અને અમરેલી તેના બાપ-દાદા



વખતથી વતન છે આમ છતાં અમરેલીમાં રહેતા હોવાને કારણે કન્યાવાળા સીધી ના જ પાડી દે છે. જો કે આ બાબતે જાણવા મળતી માહિતી મુજબ કોઈ એક જ્ઞાતિમાં જ નહી મોટાભાગની જ્ઞાતિમાં આ પ્રશ્ન છે. પૂર્વ મુખ્યમંત્રી જીવરાજ મહેતાનું આ અમરેલી શું અફઘાનિસ્તાનમાં આવતુ હશે? અમરેલીની આ સ્થિતિ માટે ડો. ભરત કાનાબાર નહી તમામ જ્ઞાતિના લોકો માટે આ એક ગંભીર પ્રશ્ન થઈ પડ્યો છે. અમરેલીની આ સ્થતિ માટે કોને જવાબદાર ગણવા તે પણ એક મોટો પ્રશ્ન છે.


# આજથી ધોરડો રણોત્સવનો પ્રારંભ, મુખ્યમંત્રીએ પ્રવાસીઓને આવવાની અપીલ કરી

ગાંધીનગર,તા.૦૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સફેદ રણ ધોરડોની આજે મુલાકાતે જશે. ત્યારે ટ્વિટ કરી લોકોને આ વિષે માહિતી આપી છે. તેમણે કહ્યું છે કે આખી દુનિયા જેની રાહ જોવે છે એ રણોત્સવ આવી ચૂક્યો છે. હું તો આજે ધોરડો જઈ રહ્યો છું. તમે પણ આવશો ને'? ક્ષિતિજે દૂર દૂર સુધી નજર કરીએ ત્યાં સુધી અફાટ સફેદ રણ.. ધોરડોની ધરતીમાં અજબ ખુમારી છે.. તેની હવામાં જાણે અલખનો પોકાર છે. રણોત્સવમાં કચ્છી ભૂંગામાં



રહેવાનો અનુભવ પણ છે, અને ભાતીગળ કલાનો ખજાનો પણ.. અહીં પરંપરાગત ભોજનનો રસથાળ પણ છે.. અને એડવેન્ચર એક્ટિવિટીઝની થ્રિલ પણ છે. સાંસ્કૃતિક કાર્યક્રમો, લાઈટ એન્ડ સાઉન્ડ શો, કિડ્સ પ્લે એરિયા જેવા આકર્ષણો પણ છે. અને, સાથે-સાથે, ધોળાવીરા, રોડ થ્રુ હેવન, લખપત, માતાનો મઢ, નારાયણ સરોવર, કાળો ડુંગર, સ્મૃતિવન, માંડવી આ બધા સ્થળો કચ્છની ટ્રિપને યાદગાર બનાવી દે તેવા છે.




# રાજ્યમાં થયેલા ૨૦૦૨ના રમખાણોના આરોપીઓને હાઈકોર્ટે પણ નિર્દોષ છોડ્યા

અમદાવાદ,તા.૦૩

૨૦૦૨ના રમખાણોના ૧૧ આરોપીઓને ગોધરા કોર્ટ બાદ હાઈકોર્ટે પણ નિર્દોષ છોડ્યા છે. આ મામલે સંતરામપુરમાં એક હજારના ટોળાએ લઘુમતી કોમના ઘરમાં આગ લગાડી લૂંટ કરી હોવાનો આરોપ હતો. જેમાં ૧૧ આરોપીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. તેમની સામે ગોધરાની સેશન્સ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેમાં વર્ષ ૨૦૦૪માં



ગોધરાની સેશન્સ કોર્ટે ચુકાદો આપતા તમામ આરોપીઓની નિર્દોષ છોડ્યા હતા. જેની સામે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. હાઈકોર્ટે પણ ગોધરા સેશન્સ કોર્ટના ચુકાદાને યથાવત રાખ્યો છે. આ કેસની વિગત એવી છે કે ગોધરા કાંડ બાદ પંચમહાલના સંતરામપુરમાં તોફાનો ફાટી નીકળ્યા હતા. હથિયારો સાથે ટોળાંએ ઘર, વાહન, કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં આગ લગાવી હતી. આશરે ૧૦૦૦ જેટલા વ્યક્તિઓનું ટોળું રાત્રે ૧૦ વાગે લઘુમતી કોમની મિલકતોને નુકસાન કરવા અને લૂંટવાના ઈરાદે નવી વસાહતમાં ગયું હતું.

# રાજકોટમાં લાલો ફિલ્મના પ્રમોશન દરમિયાન અફરાફરી, મેનેજર સામે ગુનો

રાજકોટ,તા.૦૩

રાજકોટના ક્રિસ્ટલ મોલમાં મંગળવારે લાલો ફિલ્મના પ્રમોશન દરમિયાન થયેલી અફરાતફરી મામલે યુનિવર્સિટી પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. ક્રિસ્ટલ મોલના મેનેજર સમીર રામજીભાઈ વિસાણી સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ થયો છે. ક્રિસ્ટલ મોલના મેનેજરે કોઈપણ પ્રકારની પૂર્વમંજૂરી વિના જાહેર જગ્યાએ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર વચ્ચે સ્ટેજ રાખી લાલો ફિલ્મના



એક્ટર, ડાયરેક્ટર, પ્રોડ્યુસર અને સ્ટારકાસ્ટને પ્રમોશન માટે બોલાવ્યા હતા, જેને લીધે મોટી સંખ્યામાં લોકોની ભીડ એકત્ર થઈ હતી. આ મામલે યુનિવર્સિટી પોલીસ મથકના PSI ફરિયાદી બન્યા છે. આ અંગે ફરિયાદ નોંધાતા અને નોટિસ ફટકારાતા ક્રિસ્ટલ મોલના મેનેજર સમીર વિસાણી જવાબ રજૂ કરવા માટે પોલીસ સમક્ષ હાજર થયા હતા.

